પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્.

પ્રમુખપદથી સુરતમાં રા. નરસિંહરાવ ભોળાનાથે આપેલું ભાષણ.

तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयो
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि

સાહિત્યસેવાપરાયણ અને વિદ્યાવિલાસી બન્ધુઓ

ઉપોદ્ઘાત

આપણી આ પાંચમી સાહિત્યપરિષદ્ના પ્રમુખપદનું શિર અર્પવા માટે આપ સર્વનો હું અ- ગુજરાતી સાહિત્યપરિષદ્ ભરવાની યોજના પહેલ ૧૯૦૫ માં અમદાવાદની સાહિત્યસભાના તન્ત્રાધિ. આગળ વાતપ્રસંગે પ્રગટ કરી તે વખતે એ ઉચ્ચાભિલાષી પ્રયાસ માટે સંકોચ, અશ્રદ્ધા અને કાંઇક અંશે સફલતાની સિદ્ધિ વિશે ભય–હેવા ભાવ મ થયા હતા. થોડા માસમાં જ એ પ્રથમ પ્રયાસના વિજયે એ લાગણીઓને શમ. એ પ્રથમ પરિષદ્નું પ્રમુખસ્થાન ગુર્જર વિદ્વાનો અને કવિયોમાં અગ્રેસર ભાઇને યથોચિત રીતે અપાયું હતું એ પ્રસંગે મ્હારા સ્વપ્નમાં પણ આવ્યું ન્હોતું કે ભવિષ્યમાં એ પદવીનું માન મ્હને આપવામાં આવશે. કાલક્રમે અને કાલબળે ગુર્જર સાહિત્યના રસિક વર્ગે એ સ્થાનમાં મ્હને બેસાડવાનું ઉચિત ધાર્યું તો એ પસંદગીને આજ્ઞારૂપ માનીને મ્હારે કર્તવ્યનો ભાર સ્વીકારવા શિવાય બીજો માર્ગ જ ન્હોતો; મ્હારી ઇચ્છાને ગૌણ સ્થાન આપી આપ સર્વની ઇચ્છાને પ્રધાનપદ આપ્યા વિના છુટકો જ ન્હોતો; અહિં વિકલ્પને અવકાશ જ ન્હોતો. આ સ્થિતિમાં, જેવો છું તેવો, આપ સર્વની સમક્ષ આ સ્થાને હું ઊભો છું, ગુર્જર સાહિત્યની સેવાના આ સત્રમાં મ્હને સોંપેલાં કાર્ય, આપ સર્વની સમભાવભરી સહાયતાથી, પાર પાડી સકાશે તો હું તત્કાળ કૃતકૃત્ય થયો એમ માનીશ.

આ આપણા આરમ્ભને સત્રનું નામ ભારે લાગે તો ક્ષણભર ચિન્તન કરી જોઇએ. પ્રાચીન કાળમાં આપણા પૂર્વજો જે યજ્ઞનાં સૂત્રો માંડતા હતા તે જેમ ઇષ્ટ દેવતાને

પ્રીત્યર્થ યજ્ઞ કરતા હતા તેમ આજ આપણે આપણી ઇષ્ટ દેવતા—સરસ્વતી દેવી—ને આરાધવા શુ એકત્ર થયા નથી? આપણા સત્રને વિશેષ રૂપ આપણે આપી સકિયે એમ છે. આ સત્રમા યજ્ઞબલિ તરીકે દ્વેષ, ઈર્ષ્યા, અહતા ઇત્યાદિ પશુઓને હોમી દઈશુ, કીર્તિ, ધન, ઇત્યાદિ લાભને ઇષ્ટ લક્ષ્યની બ્હાર રાખીશુ, અને કામ્ય કર્મ જેવી આ ઇષ્ટિ નહિ પણ નિષ્કામ સરસ્વતીપૂજા જ આ સત્રનુ વિશિષ્ટ લક્ષણ બનાવીશુ હાવા મહાન્ સત્રમા ઋત્વિજોની પંક્તિમાં મ્હારુ સ્થાન બ્રહ્માના અધિકારનુ જ આપે રાખ્યુ છે તે એક દૃષ્ટિયે અલ્પ શ્રમના ભાગને લીધે, સુખકર છે, તેમ, અન્ય દૃષ્ટિયે, યજ્ઞ... દૈવ મિષણ્ બ્રહ્મા એ બ્રહ્માનુ કર્તવ્ય જોતા વેદ્યને શિર જે જવાબદારી રહેછે તેથી વિષમ કર્તવ્યથી ભરેલુ પણ છે, આશા એટલી જ રાખુછુ કે આપણા સત્રમા એ વૈદ્યકાર્યનો પ્રસંગ જ ઉપસ્થિત થવા નહિ પામે, એ આશા સફળ થવી એ આપ... ...ન્ય ઉપર આધાર રાખેછે, અને એ સૌજન્ય ઉપર મ્હારો પૂર્ણ ... ...ના સમારભમા બ્રહ્માની કને તો સર્વજ્ઞપણાની અપેક્ષા રખાય, તે ... જણાશે એ મ્હને ભય રહેછે, પરતુ ત્હમારા સર્વના સ્નેહ- ... ભયનું જોર બહુ અશે નરમ થઈ જાયછે

...કાળ, પ્રસગ ઇત્યાદિની મર્યાદા છે, અને તેથી તેટના જ ...નના પ્રદેશમા પરિક્રમણ કરનારાઓને ઉચ્ચ માર્ગમા ...ના ઉપર ... વધારે બળથી ભાર મૂકી તે તરફ આપ સર્વનુ ... વિદ્યા, જ્ઞાન, સાહિત્ય—એ સર્વ માનવ જાતિના બુદ્ધિરૂપ ઉચ્ચ ... પ્રત્યેક વ્યક્તિને સાચુ પ્રેરક બળ શુ છે? સત્યનુ અન્વેષણ, અનન્ય ... તરફ પ્રેનથી, અન્વેષણ એ જ તો એ અન્વેષણમા જે જે અભ્યાસીઓ નિર્મમ- ... થાયછે ત્હેમના મનમા પરસ્પરસહકારિતાનુ બળ એ સહકારિતાના ભાનનુ ... તો અને તેથી જ એક બીજાની ભિન્નતાઓ બન્ધુભાવથી, સહકારિતાથી, પૂરી સકાય- ...છે પ્રત્યક જણ એ અન્વેષણમા પોતપોતાની શોધક દીપિકા લઈને પગલા ભરેછે, અને અન્ય દીપિકાઓ હોલવી નાખવાની કલ્પના જ મનમા નથી આવતી, ઉલટુ પોતાની દીપિકાથી ત્હેમા પ્રકાશ ઉમેરવો, ભયના સ્થાન, ખાડા, હોય તે દર્શાવવા, અથવા ખોટી દિશામા અન્ય બન્ધુ જતો હોય તો તે માટે ચેતવણી આપવી,—એ હેતુ જ પ્રેરક છે આ દૃષ્ટિ રાખ્યાથી ભ્રમ, કલહ, માનવ સ્વભાવને સુલભ રાગદ્વેષ, એ સર્વનો લોપ થાયછે જ્ઞાન અને સત્યના અન્વેષણમા સતત પ્રવૃત્તિ રાખાનારાઓમા આ ભાવના તરફ જ પ્રીતિ હોયછે, તો આજ આપણે એ વિષય માટે વિશેષ પ્રસગનો સમારમ્ભ આદર્યોછે ત્હેમા એ જ પ્રેરક બળ—સત્યનુ અન્વેષણ, એ અન્વેષણમા સહકારિતાનો ભાવ, એ ભાવની અનન્યતા એ પ્રેરકબળ—વિશેષ ઉલ્લાસથી આપણને પ્રવૃત્ત કરશે એ આશા વ્યર્થ નહિ ગણાય આપણે સર્વે સરસ્વતી દેવીના સહયાજી ભકતો છિયે, એ દેવીનો પ્રસાદ કોઇને વધારે મળે, કોઇને ઓછો મળે, કોઇને મળે નહિ, એમ ચાલ્યુ જાય એક શ્રુતિવચન છે કે—

ॐ

उतत्वः पश्यन्न ददर्शवाचमुतत्वः शृण्वन्न शृणोत्येनाम् ।
उतो त्वं स्मै तन्व १ विसस्त्रे जायेव पत्यं उशती सुवासाः ॥

(ઋગ્વેદ ૧૦, ૭૧-૧, ૪)

(વાગ્‌દેવીને એક જણ જુવેછે છતા દેખતો નથી, બીજો હેને સાભળેછે છતા સાભળતો નથી, પ્રેમવશ પત્ની સુન્દર વસ્ત્રો ધારેલી પોતાના પતિની આગળ પોતાનુ રૂપ દર્શાવેછે તેમ વાગ્દેવી વળી ત્રીજાને પોતાનુ સ્વરૂપ પ્રત્યક્ષ કરેછે).

આ કારણથી એ દેવીના સ્વરૂપદર્શનનો લાભ આપણા અન્ય બન્ધુઓ જે તે જોવાને વધારે ભાગ્યશાળી છે હેમની પાસેથી લેવાને શા માટે તત્પર નહિ રહિયે ? હેવા અન્ય બન્ધુઓમા પણ પોતપોતે કરેલા દર્શનના અનુભવોની સરખામણી કર્યાથી લાભ થાય એ જ સહકારીભાવે શા માટે ન લેવો ?

સુરત અને સાહિત્ય સેવા

આ ઊંચી ભાવનાથી પ્રેરાઈને આજ આપણે ગુજરાતી સાહિત્યપરિષદ્‌ની પાચમી બેઠક આ પ્રાચીન નગરમા ભરીછે સુરતનો પ્રાચીનતાનો હક આ પ્રસગને માટે બહુ સગત ના ગણાય. પરતુ સાહિત્યસેવાનો ઇતિહાસ વાચીશુ તો એ દૃષ્ટિથી સુરતનો હક સ્થાપવાને માત્ર એક નામ—મ્હોટા અક્ષરે લખવાનુ નામ—બસ છે,——**નર્મદ કવિ.** જે જમાનામા કવિનો ધધો તે ઉદરનિર્વાહનુ સાધન ગણાઈ તે હીન ભાવનાની સાથે અવશ્ય જોડાયેલા કેટલાક આત્મગૌરવવિરોધી ગુણો પ્રગટ થતા હતા, રાજાની સ્તુતિ, રાજ્યના અમલદારોની ખુશામદ, એ હલકા ભાવોથી કવિતા બહુ બહુ વાર પ્રેરાતી હતી, સરસ્વતીને દેવીપદમાથી ભ્રષ્ટ કરી દાસીપદ અપાતુ હતુ,—તે જમાનામા એ દેવીની અનન્ય ભાવથી, આત્મગૌરવના બળથી ઉત્તેજિત થઈ, દેશસેવાના ઉત્સાહથી ઊભરાઈ જઈ, આપણા ગુર્જર સાહિત્ય ક્ષેત્રમા સેવા કરનાર નર એક નર્મદ જ હતો કવિ તરીક હેનામાં ઘણી ઊનતાઓ હશે, ભલે, તે આપણો પ્રશ્ન નથી પરતુ ઉપર દર્શાવેલા ગુણોથી સાહિત્યસેવાને ગૌરવને ગૂગળાવનારા રાજદરબારના પ્રદેશમાથી કાઢીને વિશુદ્ધ ભાવના વાતાવરણમા મૂકનાર કવિ નર્મદાશકર આ સુરત શહેરના ઇતિહાસમા અસાધારણ દીપ્તિથી દીપનાર નક્ષત્ર તરીક આપણા સાહિત્યના વ્યોમમડળમા ચિરકાળ સ્થિર રહેશે. અસહાય, આત્મબળ ઉપર જ ભરૂસો રાખનાર, નર્મદે ગમે ત્હેવો પણ આદિ પ્રયાસના ગુણોથી ભરેલો ગુજરાતી ભાષાનો કોશ કર્યોછે. તે પછી આજ સુધી એ દિશામા ઊનતાપૂરક પ્રવૃત્તિ કોઇની પણ થઈ છે ખરી ? માત્ર કોશથી જ નહિં, પણ ગદ્યપદ્યમય અનેકાનેક કૃતિયોથી, નવીન ભાવનાના ઉત્સાહબળ વડે પ્રેરાયલી કૃતિયોથી, પોતાની આસપાસ વિશાળ મડળમા એ ભાવનાનો તેજસ્વી સપર્ક લગાડીને સાહિત્યપ્રવૃત્તિનો ઉચ્ચ અધિકાર સ્થાપીને, નર્મદ કવિયે ગુર્જર સાહિત્યની અનન્ય સેવા કરીછે.

એ નર્મદ કવિનુ સમર્થ લેખનીથી જીવન આલેખનાર, માર્મિક ભાષાની સક્ષિપ્ત શૈલી ઉપર પ્રભુત્વ ધારણ કરનાર, ઠરેલ વિવેચનો લખનાર અગ્રણી વિવેચક અને ગંભીર કવિત્વવાળી રચના રચનાર, નવલરામભાઈનુ નામ આ સાથે જ ખડુ થાયછે. સુરતના એ વતની હતા, પરતુ હેમનુ સાહિત્યપ્રવૃત્તિનુ જીવન તળ ગુજરાત અને કાઠિયાવાડમા બહુ ભાગે ગયુ હતુ, તેથી સુરત સાથેનો હેમનો સબન્ધ કાઇક અશે શિથિલ ગણાય, પરતુ આરમ્ભકાળના સાહિત્યના સસ્કાર સુરતમાથી અને સુરતના એકલવીર નર્મદના સબન્ધમાથી સધાયા હતા તે દૃષ્ટિયે હેમની નામગણના અહિ અસ્થાને નથી નર્મદ કવિની અગ્નિજ્વાળામાથી બીજા સ્ફુલિગો અનેક ફુટી નીકળેલાની ગણના કરવાની અહિ જરૂર નથી. સુરતને સાહિત્યના ઇતિહાસમા માનનુ સ્થાન આપનાર આ બે સમર્થ વ્યક્તિયો જ બસ છે. પરતુ નદશકર તુળજાશંકર, મહીપતરામ રૂપરામ, દુર્ગારામ મહેતાજી એ તેજસ્વી વ્યકિતયોનો સુરત જોડેનો સબન્ધ ભૂલવાનો નથી, અને હેમની ગણના નર્મદ અને નવલ એ યુગ્મની સાથે સમાન ભૂમિમા જ કરવાનીછે

વૃદ્ધશ્રાદ્ધ

એ સમર્થ સાહિત્યસેવકો પોતાની તરફની સેવા બજાવીને આ જીવનમાથી ચાલી ગયાછે, હેમની સેવાના ફળનો લાભ આપણે લવાનુ નહિં ભૂલિયે તો હેમની કદર કાઇક અશે આપણે જાણી એમ ગણાશે આ સરસ્વતીભક્તોને વિશે આ રીતે બોલતા છેવટની સાહિત્યપરિષદ્ પછી આજ આપણે મળિય છિયે તે વચગાળામા આપણે ખોયેલા અન્ય વિદ્વજ્જનોનુ સ્મરણ થયા વિના નહિ રહે દિવાન બહાદુર અબાલાલ સાકરલાલ વડોદરાની સાહિત્યપરિષદ્મા આપણને પ્રોત્સાહન આપવા માટે હાજર રહ્યા હતા, હેમનુ સ્થાન આજ ખાલી છે એ જોતા કો'ને ખેદ નહિ થાય? રાજકોટમા સાહિત્યપરિષદ્નુ પ્રમુખસ્થાન હેમને મળ્યુ તે સમયે હેમની યોગ્યતાથી અજાણ્યા ગણતર વર્ગ તરફથી હેમને જે અન્યાય મળ્યા હતો તે હેમના તે પરિષદ્ વખતના ગભીર વિચારપૂર્ણ અને સૂચક ભાષણે તેમ જ પ્રમુખપદથી કરેલા કામે તદ્દન વિલુપ્ત કર્યો હતો ત સર્વના સ્મરણમા હશે કવિતા કે નાટકો લખ્યાથી જ સાહિત્યપરિષદ્ના પ્રમુખપદની યોગ્યતા પ્રાપ્ત થાય એ સકુચિત કલ્પના છે ગભીર ચિન્તન, સાહિત્યના વિકાસ માટે તનમનથી પરિશ્રમ, ઇત્યાદિ ગુણો અબાલાલભાઇનામા ન્હોતા એમ કોણ કહી સકશે? પરતુ અત્યારે હેમની યોગ્યતા માટ હિમાયત કરવાનો પ્રસગ નથી હેમની ખોટય આપણને ખરેખરી પડીછે એ હુ કહુ છુ તે એ મ્હારા પૂજ્ય ગુરુ હતા તેથી અને તથી ઉત્પન્ન થતા ભક્તિભાવથી જ કહુ છુ એમ નથી, સર્વ સુજ્ઞો એ ખોટય પડ્યાનુ સ્વીકારશે જ એમ માનુ છું આપણા આજના પરિષદ્ના કાર્યમા એ અને અન્ય પરલોકવાસી સાહિત્યસેવકોના આત્માઓનુ આવાહન કરીને આરમ્ભ કરીશુ

આપણે લાભ પક્ષ પણ જોઇયે; પ્રત્યક્ષ દૃષ્ટિમા પડ તેમ એ નહિ હોય. પરતુ સમભાવ સાથે નિરીક્ષણ કરીશુ તો જણાશે કે આપણા કાર્યમા સહાય કરનાર યુવક-

મંડળ છે ત્હેમાંથી અનેક નવીન ઉત્સાહબળથી, નવીન બુદ્ધિબળથી અને નવીન વિદ્યાબળથી ભવિષ્યમાં સાહિત્યપરિષદ્‌ને પુષ્ટ કરનારા નીવડશે હેવા છે, હેમની નામગણના આ પ્રસંગે કરવાથી હેમને જ અન્યાય થાય માટે હેમની ઉત્સાહભરી સહાયતાનો સ્વીકાર કરીને જ મૌન રાખું છું

એક અભ્યર્થના

મ્હારા આજના ભાષણ માટે ત્હમે જો મ્હોટી મ્હોટી આશાઓ બાંધી હશે, તો, લાચાર છું, ત્હમારે નિરાશ થવું પડશે. આજ પહેલાં ચાર પરિષદો થઈ ગઈ તેથી કરીને હું તો એક રીત્યે પ્રતિકૂલ દશામાં પડયો છું, એ પરિષદોના પ્રમુખસ્થાને આવેલા વિદ્વાન પૂર્વાધિકારીઓ જે જે કહી ગયા, તે તે બાબતોમાં મ્હારે માટે તો દ્વાર બંધ જ થયાંછે, એ વિષયોની પુનરુક્તિ ના થાય એમ મ્હારે સાચવવાનું વિષમ કામ આવ્યું છે તે ઉપરાંત જગત્‌માં જ્ઞાનનો ભંડાર હવો વધી પડયોછે કે સામાન્ય રીતે પણ પૂર્વગામીઓના ભાષણોની સરખામણી કર્યા વિના સ્વતન્ત્ર રીતે પણ હું કશું નવીન ભાગ્યે જ કહી સકીશ પારકું ચોરેલું ત્રણે ભાગે દેખો, અથવા તો ચોરેલો માલ નથી એમ ખપાવી દેવાનો પ્રયત્ન કરીને જૂનાને નવું રૂપ આપેલું જણાય, તો મ્હને સર્વાંશે દોષ ના દેશો આ જમાનો ચોરીનો જ છે આપણે બધા એક દૃષ્ટિયે ચોર જ છિયે, અને આ "ચોરોની પરિષદ્"જ છે—એમ ઉપહાસદૃષ્ટિ વાપરીને જોનાર એક જણે વિનોદમાં એ મથાળાથી એક ઉપહાસલેખ લખ્યો હતો તે અત્યાર નવીન અર્થમાં સ્મરણમાં આવેછે મ્હારે કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જ્ઞાનની સામગ્રી આપણી કને આ વ્યાપક વિદ્યાપ્રસારના સમયમાં સર્વસુલભ હોઈ નવીનતાની ઝળક જતી રહેલી, સર્વને પરિચિત વસ્તુ જેવી, ઠેર ઠેર પ્રસર્યા છે એ સામગ્રીનો ઉપયોગ અપૂર્વ રીતે કરીને, એક જ ઇંટિયોના સમૂહમાંથી જુદા જુદા નમૂનાના મન્દિર રચી સકાય તે સ્વરૂપે, નવીનતા જો હું આણી સકું તો તેટલે અંશે નવીનતા સાધ્ય છે, એ સાધનામાં શ્રમ અને કળાનો ખપ પડેછે, તે જેટલે અંશે મ્હને આવડશે તેટલ અંશે સિદ્ધિ થશે

વિદ્યાસવા ઉપરના આક્ષેપની પરીક્ષા

અહિં જરાક થોભિયે આપણે હાંની પરિષદો ભરીને આપણી સાધનમૂડી વ્યર્થ ખરચી નાખવાનું મૂર્ખકૃત્ય કરિયે છિયે એમ તો નથી થતું ? પ્રજાના જીવન જોડે અતિ નિકટ સંબન્ધ રાખનારા આર્થિક, રાજકીય, પ્રશ્નો આપણી પાસે આગ્રહથી દબાણ કરીને ખુલાસો માગેછે ત્હેવા સમયમાં, ચોમેર યુદ્ધના દુઃખમય પરિણામોની પરમ્પરા વચ્ચે, દેશનો વ્હેપાર દુર્દશામાં છે ત્હેવે વખતે, ગરીબ લોકો ભૂખે મરેછે ત્હેવા સમયમાં, આપણે અહિં બેઠા ભાષા, સાહિત્ય, કવિતા ઇત્યાદિ અનુત્પાદક વિષયોની જ્ઞાનમન્દિર શોભાવનારી ચર્ચા કરવા બેશીશું એ શું કર્તવ્યદ્રોહ જેવું નથી થતું ? આ પ્રશ્નો હું નકામા નથી પૂછતો, કેટલાક ડાહ્યા પુરુષો આ પ્રકારનો આરોપ આપણા આજના પ્રયાસ ઉપર મૂકવાને તત્પર થયાછે દેશની હાલની વિશેષ અપવાદરૂપ સ્થિતિની વાત બાજૂ ઉપર મૂકતાં પણ કેટલાકોનો મત એમ છે કે શુદ્ધ સાહિત્યની ચર્ચામાં કાળ ગુમાવવો એ

દેશદ્રોહરૂપ છે, એ લોકોને મતે તો ધાન્યનો એક અંકુર ફૂટતો હોય ત્હેને સ્થળે બે અંકુર ફૂટે હેવા વ્યાપારમા આપણી બુદ્ધિ, ધન, અને ઉદ્યોગની સંપત્તિ વાપરવી તે સાહિત્યના નિષ્ફળ પ્રયાસો કરતા હજારગણુ શ્રેયસ્કર છે.

આ મિત્રોને શો ઉત્તર દઈશુ ? એ જ કે દેશની હાલની વિષમ સ્થિતિમા દુઃખ ઓછા કરવાના જે જે માર્ગ છે તે આદરવાની જોડે આપણે આ પરિષદ્નો વ્યાપાર અણુમાત્ર વિરોધી નથી બનતો એ માર્ગોમા જે જે કર્ત્તવ્યો કરવાના તે પણ થયે જાય-છે, અને તે સાથે આપણુ આ કાર્ય પણ ભલે થાય, હેમા દુઃખ માનવાનુ કારણ કશુ નથી આર્થિક પ્રશ્નોનેજ જીવનનુ કેન્દ્ર ગણુનારાને તો કવિજન ઉત્તર એ જ આપશે કે જીવનનુ સાર્થક્ય કેવળ ધનોપાર્જનમા નથી સમાયુ, ધનસંપત્તિ તે સુખસંપત્તિનો પર્યાય નથી, ક એ સંપત્તિનુ નિયત કારણ પણ નથી. કવિજન કહેશે કે ફકત એક આત્માને સત્ય સુખના, વિશુદ્ધ આનન્દના, માર્ગમા એક ક્રમ ઊંચે ચઢાવી સકાય, માનવ બન્ધુઓમાના એકના પણ, એક પણ, અશ્રુનુ પ્રમાર્જન કરી સકાય, તો તે સ્થિતિ ધન્ય છે, તે સ્થિતિ આર્થિકસંપત્તિ કરતા હજાર ગણી મૂલ્યવાળી છે કાંઈક આ ધારણે જ સાહિત્ય અને હેવા બુદ્ધિવ્યાપાર યોજનારા વિષયોના સેવકો ધનસંપત્તિના સેવકોને ઉત્તર આપી સકશે જ્ઞાનના વિષયમા વિહાર કરનાર સરસ્વતીપૂજક પોતાની તેમ જ અન્ય બન્ધુઓની માનસિક ઉન્નતિમા, શુદ્ધ વિદ્યાનન્દમા, જે સેવા કરેછે ત્હેની કદર રૂપિયા આના પાઈથી સર્વ વિષયોની કીમત આકનારા ભાગ્યે જ કરી સકશે

આમ છતા ભૂલી જવુ ના જોઈયે કે વિદ્યા અને સાહિત્યના સેવકોએ પરોક્ષ રીત્યે—અને કવચિત્ સાક્ષાત રૂપે—દેશની સાસારિક, આર્થિક, અને રાજકીય ઉન્નતિ ઉપર સમર્થ અસર કરીછે, અને હેવા દૃષ્ટાન્ત જગત્ના ઇતિહાસમા ચિરજીવ રહ્યાછે. Uncle Tom's Cabin એ વાર્તા અમેરિકામાથી ગુલામગિરી નાબૂદ કરનાર કારણરૂપ બની હતી, રૂસોના લખાણોએ ફ્રાન્સની પ્રજામા ભારે જીવનપરિવર્તન કર્યું હતુ, ડૅન્ટીની કવિતામા ઇટલીના જીવનોદ્ધારના મૂળ હતા, ઇરૅસ્મસના લેખો યુરોપના ધર્મપરિવર્તનના આદિ કારણ હતા, અને હેનુ પણ ઊંડુ મૂળ સૅવોનેરોલા સૂધી અને છેક પ્લેટો સૂધી લઈ જવાય એમ છે ઈરૅસ્મસના 'Euchandion' તથા 'Adagia' એ બે ગ્રન્થોની અસર વ્યાપક થઈ હતી તેથી પણ વિશેષ રૂપે બાઇબલના હેના ભાષાન્તરે Reformationના બીજ વાવ્યા હતા તે જ રીતે વેદના ભાષાન્તર યુરોપના પંડિતોએ કર્યા તેથી આપણા હિન્દુસ્તાનમા ધર્મ, સંસારજીવન, ઇત્યાદિ ઉપર નવો પ્રકાશ પડી પરિવર્તન થયુ એમ પ્રો મૅક્સ મ્યુલર માનેછે.* ડિકન્સની વાર્તાઓના પ્રતાપે તે સમયમા ન્યાયખાતામા અને વકીલ સૉલિસિટર વર્ગોમા તથા દિવાની જેલખાતામા પ્રવર્તતા અંધેર તથા અન્યાય દૂર થવા પામ્યા હતા. આપણા ગુજરાતી સાહિત્યમા એટલા ઉત્કટ અને વ્યાપક દૃષ્ટાન્તો નહિ જડે, તોપણ 'લલિતાદુઃખદર્શક' નાટક ભજવાતુ જોઈ એક બાઇયે પોતાની પુત્રીનો અયોગ્ય વર સાથેનો વિવાહ ટાળી નાખ્યો હતો તે વાત નોધવા લાયક છે, 'સરસ્વતી-

* Transactions of the Second International Congress of Orientalists, p 191.

ચન્દ્ર'ની અસર પ્રજાજીવન ઉપર નહિ પણ સાહિત્ય ઉપર થઈછે તેથી તે આ પ્રશ્નને સંબદ્ધ થશે નહિ.

તો આપણે હવે આપણું કામ હાથ લઇયે. આપણી સાહિત્યપરિષદ્‌નો ઇતિહાસ અને હેની કલ્પના વિશે કાંઈક પશ્ચાદવલોકન અહિ અસ્થાને નહિ ગણાય. તે કરવામાં આરમ્ભમાં જ પરિષદ્ એ સંસ્થાનો ઇતિહાસ જોઈ જઇશું તો આપણી દૃષ્ટિ સુસ્થિત થશે અતિ પ્રાચીન સમયમાં આપણા આર્ય પૂર્વજોએ પરિષદ્ નામે એક સંસ્થા સ્વીકારેલી બૃહદારણ્યકમાં જણાયછે શ્વેતકેતુ પંચાલોની પરિષદ્‌માં ગયાની વાત ત્હાં કહેલીછે, એ શિવાય પરિષદ્ વિશે અનેક સ્થળે ઉલ્લેખ છે. મૅક્સ મ્યુલર કહેછે–કે પરિષદ્ એટલે બ્રાહ્મણોનું એક મંડળ, કૉલેજ, કે હેવી સંસ્થા જે'માં જુદી જુદી શાળાના (જુદા જુદા ચરણના) બ્રાહ્મણો જોડાયલા હોતા. એ પરિષદોના વિશેષ ગ્રન્થો તે પાર્ષદ અને પાર્ષદનો એક વિભાગ તે પ્રાતિશાખ્ય ભિન્ન ભિન્ન વૈદિકશાળામાં સ્વીકરાયલા ઉચ્ચારાદિકની ચર્ચા કરનારા ગ્રન્થ તે પ્રાતિશાખ્ય

પરિષદ્‌ની કલ્પના અને હેનો સંક્ષિપ્ત ઇતિહાસ

મનુ, યાજ્ઞવલ્કય, પરાશર એ સ્મૃતિકારોએ પરિષદ્‌ની ઘટના બતાવીછે તે પ્રમાણે મીમાંસા, ન્યાય, વેદાઙ્ગ જાણનારા ૨૧ બ્રાહ્મણોની પરિષદ્ બનતી હતી, એ સંખ્યા ઓછી પણ, જરૂર પડ્યે, થઈ સકતી હતી, તે એટલે સુધી કે એક બ્રાહ્મણને પણ પરિષદ્ ગણાય એમ સંભવ હતો. ધર્મશાસ્ત્રના સંદિગ્ધ પ્રશ્નોનો નિર્ણય, લોકોની માગણીથી, આપવો એ આ પરિષદોનું કર્તવ્યોમાંનું એક હતું એમ પણ મનાયછે કે દેશ કાલને અનુસરીને ધર્મશાસ્ત્રમાં ફેરફાર કરવાનો પ્રસંગ આવે તો પરિષદ્ ભરીને એ વિશે નિર્ણય થતો હતો આ પરિષદોમાંના બ્રાહ્મણોના વિદ્યા, વય, ઇત્યાદિને અંગે અધિકારના લક્ષણ પણ ઠરાવેલા હતા

હજી કેવળ વિદ્યાના–કાવ્યાદિક શાસ્ત્રોના–પંડિતેની પરિષદોનો સમય આવ્યો ન્હોતો જે સમયમાં પુસ્તકો છાપવાની કળા ઉત્પન્ન થઈ ન્હોતી, અને પુસ્તકોનો પ્રસાર થવાના સાધન અલ્પ હતા, ત્હેવા સમયમાં પંડિતોની સભાઓ ભરાતી હતી અને પંડિતોએ રચેલા નવીન ગ્રન્થો વંચાતા હતા,–એ સમય ઉપરના સમય પછી કાંઈક મોડો નજરે પડશે બૌદ્ધ સાધુઓની સંગીતિ નામની સભાઓમાં પણ આ પ્રકાર નજરે પડેછે અશોકે અને કનિષ્કે મેળવેલી સંગીતિયો સુપ્રસિદ્ધ છે એ સંગીતિયોનો કાર્યવ્યાપાર ધર્મમાં સંદિગ્ધ પ્રશ્નોના ખુલાસા મેળવવા, અવ્યવસ્થા મટાડવી, ભિક્ષુઓની આચાર-વ્યવસ્થામાં સુધારો કરવો, ઇત્યાદિ ધર્મવિષયનો હતો જૈન પરિષદ્ વલભીપુરમાં સંવત્ ૫૧૦ મા મળ્યાનું કહેવાયછે, તે વલભીપુરના ઐતિહાસિક ઉત્પત્તિ સમય જોડે અસંગત થાયછે પરંતુ તેટલાથી વસ્તુત પરિષદ્ મળી ન્હોતી એમ નથી થતું. મગધમાં પ્રથમ જૈન પરિષદ્ મળેલી કહેવાયછે, ત્હેણે "માગધી ભાષામાં સૂત્રસંગ્રહ કર્યો હતો, અને વલભીપુરની પરિષદે એ સૂત્રોને સ્થાનિક ભાષાનું રૂપ આપ્યું હતું" ("વિમલ પ્રબન્ધ"નો ઉપોદ્‌ઘાત, રા૰ મણિલાલ બકોરભાઇ વ્યાસકૃત પૃષ્ઠ ૭) ત્રીજી પરિષદ્ મથુરાની

કહેવાયછે આ પરિષદોનુ સ્વરૂપ આપણી હાલની પરિષદોથી જુદા પ્રકારનું હેમા તો શક નહિ. અને ખરુ જોતા આ મડળનુ નામ પરિષદ્ ન્હોતુ, સઘ હેમને કહેતા હતા પોતાના આગમનો સગ્રહ કરવો ઇત્યાદિક તે સમયમા ઉપસ્થિત થાય ત્હેવુજ એ સઘનુ કાર્ય હતુ

આ ત્વરિત પશ્ચાદવલોકનમાથી એટલું જણાયછે કે —

પરિષદ્‌ના મડળ માટે અધિકારનુ તત્ત્વ

(૧) આ પરિષદોના કાર્યવ્યાપાર તથા હેતુ (क) વૈદિક શાખાઓ અને ચરણોના અધ્યયનને અગે ચર્ચાદિક, (ख) ધર્મશાસ્ત્રના સદિગ્ધ પ્રશ્નોના વિવરણ, દેશકાલાનુસાર ફેરફાર, (ग) છાપવાની કળા ઇત્યાદિ પ્રચારના સાધનોને અભાવે પડિતોની રચનાઓની પ્રસિદ્ધિ માટે અવકાશ, ઇત્યાદિ હતા,

(૨) પ્રાચીન પરિષદોમા સ્થાન પ્રાપ્ત કરવા માટે વિદ્યાદિકપરત્વે અધિકારની મર્યાદા દૃઢ હતી, અને એ મર્યાદાને લીધે સંકુચિત વૃત્તિ, સર્વગ્રાહિતા સાથે વિરોધ, ઇત્યાદિ અશો દૂષણરૂપ ન્હોતા મનાતા

પ્રાચીન સમય અને ચાલૂ વર્તમાન સમયની વચ્ચે આ સિવાય અન્ય સ્વરૂપની પરિષદો જાણ્યામા નથી.

આપણા વર્તમાન સમયની પરિષદ્‌ની સ્વરૂપકલ્પના માટે હેના અસલ નમૂના તરફ નજર કરવી પડશે પાશ્ચાત્ય દેશોમા Congress of Orientalists ઇત્યાદિ પરિષદો ભરાયછે તે સસ્થાને જ આદર્શરૂપ લઈને આપણી પરિષદ્‌ની કલ્પના થઈ લાગેછે (હાલ બગાળામા બગપરિષદ્ છે તે સસ્થાનુ સ્વરૂપ કાઈક જુદા પ્રકારનુ છે, કાયમના સ્થાન, સભ્યવર્ગ, અધિકારીવર્ગ ઇત્યાદિથી બનેલી પાશ્ચાત્ય Academy–વિદ્વન્મડળો–ના ધોરણે એ પરિષદ્ રચાયલી જણાયછે, માટે આપણી પરિષદ્ માટે માત્ર નામના સરખા-પણાથી ભ્રમ થવો ના જોઇયે તે લક્ષમા રાખવાનુ છે) પરતુ બગપરિષદ્‌ના કાર્યરૂપે સાહિત્યસમેલનો બંગાળામા થાયછે તે આપણી ગુજરાતી સાહિત્યપરિષદ્‌ના સ્વરૂપના છે. મરાઠી સાહિત્યસમેલનો પણ એ જ નમૂનાના છે

પાશ્ચાત્ય Oriental Congress નુ સ્વરૂપ આપણે આદર્શરૂપે લીધુ છે તે ખરુ, પરતુ બંનેના કાર્યક્ષેત્રના વિસ્તારમા ભેદ હોવાને લીધે બને વચ્ચે ભેદ આપોઆપ ઉત્પન્ન થાયછે Orientalists ના Congress નો વ્યાપાર સસ્કૃત, અરબી, ચીનાઈ ઇત્યાદિ ઇત્યાદિ સર્વ પૂર્વખડની ભાષાઓ વગેરેને સબન્ધે પ્રાચીન ઇતિહાસ, ભાષા, ઇત્યાદિના અભ્યાસકોની પ્રવૃત્તિયોમા પ્રવર્તેછે, આપણે તો અવશ્યમેવ ગુજરાતી ભાષાના પ્રદેશમા સકોચ રાખી પ્રવૃત્તિ કરવાનીછે યુરોપના કોંગ્રેસમા આખા જગત્‌માથી વિશેષ વિષયોનો ખાસ અભ્યાસ કરેલા પડિતો અને વિદ્યાના પ્રતિનિધિયો ભેગા થાયછે, આપણે તો આપણામા છે ત્હેવા અલ્પ અભ્યાસીઓન જ મડળ ભેગુ થઈ સકેછે, યુરોપના કોંગ્રેસમા વિષયોના વિભાગ એટલા બધા અને મહત્ત્વના છે, અને તે તે વિભાગ માટે અન્વેષક અને શ્રોતા સર્વનુ મડળ હેવુ મ્હોટુ બનવુ શક્ય છે કે કોંગ્રેસને જુદા જુદા વિભાગમા વ્હેચવાની ફરજ પડેછે, આપણી સ્થિતિ, સર્વે

વિષયમા આપણી દરિદ્રતાને લીધે તેમ જ ગુર્જર ભાષામા જ પ્રવૃત્તિ રોકવાની આવશ્યકતાને લીધે, એથી ઉલટી છે ત્હેહાંના કોંગ્રેસમાં મળનારા બહુધા ખાસ અભ્યાસી પંડિતો, વિશિષ્ટ નિપુણતાવાળા વિદ્વાનો, હોયછે, આપણે આપણા મંડળમાં હાલ લભ્ય છે તે વિદ્વાનો અને ભેગા સર્વ વિદ્યારસિક વર્ગનો સંગ્રહ થાયછે.

આટલા દૃષ્ટિનિક્ષેપ ઉપરથી એટલું તો જણાશે કે પ્રાચીનકાળની આપણા દેશની પરિષદોના અને હાલની સાહિત્યપરષિદ્‌ના વિષયમા ભેદ હોવા છતા, પ્રાચીન પરિષદોની ઘટનામાથી, તેમ જ હાલની પાશ્ચાત્ય પરિષદોની ઘટનામાથી, મુખ્ય તત્ત્વભૂત અંશ પરિષદ્‌ના સભ્યના અધિકારમા વિશિષ્ટ વિદ્યાદિકની આવશ્યકતા, અને એ બ્હારના વર્ગનો અસંગ્રહ–એ જણાયછે પરિષદ્‌નું ગૌરવ, કર્તવ્ય, મહત્ત્વ, ઇત્યાદિ જોતા સંકુચિતપણાનો ભાસ ભલ થાય, પરિષદ્‌ના ઉપર નાખ્યો જેવી બહિષ્કારિતાનો આરોપ ભલે આવે, પણ પરિષદ્‌નું પરિષદ્‌પણુ માગી જ લેછે કે એ સ્વરૂપઘટના ફરે નહિ હવે આપણી પરિષદ્‌મા સ્વરૂપમા શિથિલતા કરવી કે નહિ એ પ્રશ્ન આપણી આગળ વારવાર ઉપસ્થિત થાયછે દેશકાલને લક્ષમા લેતા એટલું તો સ્વીકારવુ પડશે કે પ્રાચીન પરિષદો અથવા હાલની યુરોપની પરિષદોના જેટલી દૃઢ મર્યાદા સાચવવી આપણે માટે શક્ય પણ નથી અને ઇષ્ટ પણ નથી, પરંતુ બીજી બાજુ દૃષ્ટિ કરીશુ તો એ પણ એટલુ જ ઇષ્ટ છે કે આપણી પરિષદ્‌ને અધિકારનું બન્ધન તદ્દન તોડી નાખી ગમે તે વર્ગનો સંગ્રહ કરીને સંકુલ મેળો બનાવવી નહિ પરિષદ્‌ના ઉપર સંકુચિતવૃત્તિનો આરોપ મૂકનારાઓ એટલું જ વિચારે કે દરેક વિષયમા ખાસ અધિકારની આવશ્યકતા હોય ત્હ્યા સંકુચિતતાનો ભાસ આવે જ, તો એ આરોપ મૂકતે તેઓ કાંઈક અચકાય. ધારો કે કાલ્યને બ્હાણે એંજિનીયરોની પરિષદ્ ભરાય, દાક્તરોની પરિષદ્ મળે, તો ત્હેમા અન્યવર્ગને સ્થાન ના આપવા માટે ફરિયાદ વાજબી ગણાશે ? તો શુ શુદ્ધ સાહિત્ય એ શ્રમ વિના, અધિકાર વિના, સર્વસાધ્ય છે કે ત્હેમા અધિકાર-મર્યાદાનો પ્રવેશ થવાનો ભાસ માત્ર થતા પોકાર ઊઠાવવો ?

આ આરોપના ભેગભેગો આ જ સ્વરૂપનો બીજો આરોપ આપણી પરિષદ્ ઉપર મૂકાયછે તે તપાસિયે, તે એ કે યુવકવર્ગનો ત્હેમા સંગ્રહ થતો નથી આરોપ માટે પણ ઉપરનો ઉત્તર બસ થશે. વિશેષમા, એટલું જ કહેવુ બસ છે કે સાહિત્યપરિષદ્‌ની ઘટનામા વયનું બન્ધન કોઇ ઠેકાણે છે જ નહિ, વય એ અનુભવની ઊનતાને લીધે કદાચ બાધક બને, પરંતુ તે શિવાય વય તે બાધ છે જ નહિં મહાકવિ ભવભૂતિયે સુશ્લિષ્ટ વાણીમા દર્શાવેલુ સત્ય–

गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः

એ સત્ય—આ પરિષદ્ સ્વીકારે જ છે અને પ્રત્યક્ષ જ જુવો, યુવકવર્ગ વિના આ પરિષદ્‌માં ઉત્સાહ, કાર્યબળ, ઇત્યાદિ આવે ક્યહાથી ? મૂળ આ પરિષદ્‌ની કલ્પના ઉત્પન્ન કરનાર કોણ હતું ? અમદાવાદની 'સાહિત્યસભા' એ નામથી બનેલુ યુવક-

મંડળ જ. આ સમાધાન પછી જણાશે કે સાહિત્યપરિષદ્‌ની ભાવનામાં ગૌરવ હોય, હેના કાર્યક્ષેત્રમાં વિદ્યા, જ્ઞાન, ઇત્યાદિની કક્ષાની ઉચ્ચતાની આવશ્યકતા હોય, હેના કર્તવ્યોમાં મહત્ત્વ હોય, તો તો એ ગૌરવ, ઉચ્ચતા, અને એ મહત્ત્વના પ્રમાણમાં મંડળમાં સંખ્યાનું નહિ પણ અધિકારનું નિયન્ત્રણ અવશ્યમેવ આવશે એ નિયન્ત્રણ માટે સમજૂ વર્ગ, પોતાની યોગ્યતાની ખરી મર્યાદા જાણનાર વર્ગ, કદી પણ ફરિયાદ કરશે નહિ

ગુજરાતી સાહિત્ય પરિષદ્‌નો સંક્ષિપ્ત ઈતિહાસ

આ સ્થળે આપણી સાહિત્યપરિષદ્‌નો દસ વર્ષનો ઇતિહાસ ઝડપથી જોઈ જવાનુ મન થાયછે. ઈ સ ૧૯૦૫ માં અમદાવાદની 'સાહિત્યસભા" ના યુવકવર્ગમાં પ્રથમ કલ્પના સ્ફુરી કે સાહિત્ય પરિષદ્ ભરવી મ્હારા સ્મરણ પ્રમાણે આ નવીન જ કલ્પના હતી મહારાષ્ટ્રમાં એ સમયમાં શરૂ થયેલી મરાઠી પરિષદ્‌ની સંસ્થામાંથી પ્રેરણા ઉત્પન્ન થઈ નહોતી 'ગુજરાત સાહિત્યસભા ' એમ નામરૂપાન્તર એ મંડળનુ થયુ તે વખતે યોજેલા ઉદ્દેશોમાં 'સાહિત્યપરિષદ્' ભરવી એ એક ઉદ્દેશ હતો પ્રથમ પરિષદ્‌ના રિપોર્ટ (આમુખ પૃ ૩) ઉપરથી જણાશે કે નર્મદ અને મણિલાલ દ્વિવેદીની અભિલાષા પરિષદ્ ભરવાની હતી ગમે તેમ હો, ગુજરાતી સાહિત્ય-પરિષદ્‌ને ઉત્પન્ન કરવાનુ માન એ 'સાહિત્યસભા' ના યુવકવર્ગને જ ઘટેછે, એટલુ જ નહિ, પણ એ નવીન કાર્યને અંગે અનેક અડચણો, સમભાવ વિનાના પુરુષો તરફના ઉપહાસ, ઇત્યાદિને જીતી એ સમારમ્ભને વિજયી બનાવવાનો યશ પણ હેમનો જ છે આ યશ સ્થાનિક જ છે, બાકી દૂરતમ કારણદર્શન કરવા જઈએ તો યુગના પ્રેરકબળોને જ અન્તિમ યશ તો મળશે સતારામાં પ્રથમ મરાઠી સાહિત્યસંમેલન ઈ સ ૧૯૦૫-૬ મા ભરાયુ, બંગાળામાં ઈ સ ૧૯૦૭ મા પ્રથમ સાહિત્યસંમેલન થયુ, પરંતુ એ કલ્પનાનો મૂળ આરમ્ભ ઈ સ ૧૯૦૪ થી થયો હતો,-અને ગુજરાતમાં ઈ સ ૧૯૦૪ મા હુનાળામાં સ્વ-ગોવર્ધનરામની સાથે 'સાહિત્યસભા' (અમદાવાદ) ના પ્રમુખ રા૦ રમણભાઈ તથા તન્ત્રીઓ રા૦ ઠાકોરલાલ હરિલાલ દેસાઈ તથા રા૦ રણજિતરામ વાવાભાઈ હેમણે પરિષદ ભરવાની ચર્ચા કરી હતી આમ ભરતખંડના ત્રણ મુખ્ય મુખ્ય અને દૂર દૂરપડેલા પ્રાન્તોમા આ પ્રકારનું સંચલન અન્યોન્યનિરપેક્ષ આત્મસ્ફુરણાથી લગભગ એક સમયમાં જ પ્રવૃત્ત થયુ હતુ. આ તે યુગના માનસિક બલપ્રવાહની સૂચના કરેછે. એ ત્રણેનો આદર્શ પાશ્ચાત્ય Oriental Congress ઉપર જ રચાયલો હતો હિન્દી ભાષાનુ સાહિત્યસંમેલન આ ત્રણ કરતા કાંઇક પછીના સમયમાં પ્રગટ થયુ છે, ઈ સ ૧૯૦૯-૧૯૧૦ મા કાશીની નાગરી પ્રચારણી સભાના પ્રયાસથી હેની ઉત્પત્તિ થઈ. એ સંમેલન દર વર્ષે થાયછે, હેનો ઉદ્દેશ આપણી પરિષદ્‌થી કાંઈક અંશે ભિન્ન છે, વિમર્શન, ચિન્તન, ઉપગત ગ્રન્થકારોને ઉપાધિદાન ઇત્યાદિથી સંમાનિત કરવા, એક ભાષા અને એક લિપિ માટે પ્રચાર પ્રવૃત્તિ, ઇત્યાદિ મિશ્ર સ્વરૂપની આ પરિષદ્‌ની કાર્યપ્રવૃત્તિ છે

ચારે ગુર્જર પરિષદોની હકીકત જુદી જુદી બાબતને અંગે સરખાવી જોવાથી સુગમતા થશે પ્રથમ પરિષદ્ (અમદાવાદમાં ઈ. સ ૧૯૦૫ માં) મળી તે વખતે

પ્રમુખ સ્વ૦ ગોવર્ધનભાઈની પસંદગી કાર્યકર્તાઓએ શુદ્ધ પસંદગીને ધોરણે જ કરી હતી, હેમા સવરણ election નુ તત્ત્વ ન્હોતુ, બીજી પરિષદ્ (મુબાઈમાં ઈ સ. ૧૯૦૭ મા) થઈ તે સમયે પ્રમુખપદ માટે રા૦ કેશવલાલ હર્ષદરાય ધ્રુવને પણ વ્યવસ્થાપક મડળમા કાંઈક હેવા જ ધોરણે પસંદ કરવામા આવ્યા હતા, ત્રીજી પરિષદ્ (રાજકોટમા ઈ સ ૧૯૦૯ મા) ભરાઈ ત્યહારે સ્વ૦ દિવાન બહાદુર અબાલાલ ભાઈની પસંદગી કાંઈક મિશ્ર ધોરણે કરવામા આવી હતી, અમુક સભાવિત વિદ્વાનોના મત પૂછવામા આવ્યા હતા કે, કો'ની પ્રમુખ તરીકે ત્હમે ભલામણ કરોછો ? એ મતોમા બહુમતને ધોરણે સત્કારકમિટીમા એઓની પસંદગી થઈ હતી સવરણનુ તત્ત્વ આ સમયે નિયન્ત્રિત રૂપમા પ્રવિષ્ટ થયુ મત આપનાર અધિકારી મડળ યોગ્ય કારણોથી મર્યાદિત રાખીને એ તત્ત્વ સ્વીકારાયુ હતુ ચોથી પરિષદ્ (વડોદરામા ઈ સ. ૧૯૧૨ મા) મળી ત્યહારે રા૦ રણછોડભાઈ ઉદયરામ પ્રમુખ નીમાયા હતા, તે પ્રસગે આરમ્ભમા સંવરણનુ તત્ત્વ પૂર્ણ રૂપમા સ્વીકારાયુ હતુ, મત આપવાનો અધિકાર અમુક રકમ ભરી સત્કારમડળના સભ્ય બને હેમને આપવામા આવ્યો હતો, પરતુ છેવટે તે ધોરણ છોડી દઈ, સર્વની સમતિથી રા૦ રણછોડભાઈને પ્રમુખપદ અપાયુ હતુ

પરિષદે કરવાના કાર્યો તરફ દૃષ્ટિ કરતા જણાયછે કે પ્રથમ પરિષદ્મા માત્ર નિબન્ધો વચાવવા, કોઇપણ જાત્યના ઠરાવ રજૂ કરી પસાર કરવા નહિ, એ માર્ગ સ્વીકારાયો હતો, અપવાદ માત્ર જોડણી સબન્ધી વ્યવસ્થા સાહિત્યસભાને સોપવાનો ઠરાવ પ્રમુખે રજુ કર્યો તે હતો, અને કેટલીક છૂટક સૂચનાઓ જુદી જુદી બાબતો વિશે કેટલાક ગૃહસ્થોએ માત્ર રજુ કરી હતી બીજી પરિષદ્મા નિબન્ધો ઉપરાત થોડાક ઠરાવો કરવાનુ દાખલ થયુ હતુ; જોડણી તથા લિપિ માટે કમિટી નીમવાનો ઠરાવ હેમા હતો ત્રીજી પરિષદ્મા નિબન્ધો ઉપરાત અનેક મહત્ત્વના વિષયો વિશે ઠરાવો થયા હતા, 'વાચનમાળા' મા ખામીઓ હોવાથી તે વિશે પગલા ભરવાની કમિટીની નીમણુક, જોડણી કમિટીને ચોથી પરિષદ સૂધી લબાવવાનો ઠરાવ, પરિષદ્નુ પુસ્તકાલય નવુ ઊભુ થયુ તે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સોપવુ, વ્યાખ્યાન માલાની યોજના, પરિષદ્નુ બધારણ ઘડવા માટે કમિટીની નીમણુક, ત્રણ જનરલ સેક્રેટરીઓ નીમવાનો ઠરાવ, પરિષદ્ ભડોળની કમિટી, ઇત્યાદિ મહત્ત્વની બાબતો પ્રવિષ્ટ થઈ હતી એ ભડોળમાંથી અત્યાર સૂધીમા બે ગ્રન્થો રચાવાઈને અથવા યોજાવાઈને પ્રસિદ્ધ થયાછે,–(૧) બ્રિટિશ હિન્દનુ રાજ્યબંધારણ અને (૨) નવલરામભાઈનો 'ઈંગ્લાડનો ઇતિહાસ' અને મેકાનડોલ્ડકૃત 'સસ્કૃત સાહિત્યના વૃત્તાન્ત'નુ ભાષાન્તર હજી પ્રસિદ્ધ થવાનુ છે ચોથી પરિષદ્મા નિબન્ધો ઉપરાત ઠરાવો કેટલાક મહત્ત્વના થયા હતા જોડણી કમિટીનો રિપોર્ટ વચાઈ દફતરે નોધવાનો ઠરાવ, બધારણ કમિટીએ રિપોર્ટ રજુ કર્યો તે યોજના પાચમી પરિષદ્ સૂધી સ્વીકારી તે પછી આગળ ચલાવવા અથવા ફેરફાર કરવાનો ઠરાવ, જનરલ સેક્રેટરીઓની નીમણુક, ઇત્યાદિ ઠરાવો.

આ ઉપરાત બીજી પરિષદ્‌મા લિપિ વિશે ચર્ચા, ત્રીજી પરિષદ્‌માં ‘વાચનમાળા’ વિશે તથા ‘યુનિવર્સિટીમા ગુજરાતી ભાષાને સ્થાન’ એ વિશે ચર્ચા, અને ચોથી પરિષદ્‌મા, ‘લિપિ,’ ‘એક ભાષા,’ ‘દેશી ભાષા દ્વારા ઊંચી કેળવણી’ અને ‘જનસમૂહમા સાહિત્યનો પ્રસાર,’ એ વિષયો વિશે ચર્ચા દાખલ થઈ હતી તે ઉપરાત બીજી પરિષદ્‌મા છપાયલા ગ્રન્થોનુ પ્રદર્શન બહુ જ ન્હાના પાયા ઉપરનુ, ત્રીજી પરિષદ્‌મા મ્હોટા પાયા ઉપર પ્રદર્શન–શિલાલેખો, તામ્રપત્રો, દસ્તાવેજો, હસ્તલેખો, છાપેલા પુસ્તકો ઇત્યાદિ ઇત્યાદિનુ, અને ચોથી પરિષદ્‌મા રાજકોટ કરતા બહુ ન્હાના ધોરણનુ પ્રદર્શન–પુસ્તકો, હસ્તલેખો, અને વિદેહ વિદ્વાનોની છબિઓનુ–એમ દાખલ થયુ હતુ ચારે પરિષદ્‌ને અગે ન્હાના મ્હોટા ધોરણે મિત્રમેળાપ કરવામા આવ્યા હતા બીજી પરિષદ્ વખતે મુબાઈના પારસી લેખકમડળે પરિષદ્‌ને આપેલો સત્કાર ધ્યાન ખેચનારો હતો, હિન્દુ અને પારસી લેખકો વચ્ચેનુ અતર ઓછુ થવાનુ એ એક પ્રથમ પગલુ હતુ, ત પ્રસગે ઘણા પારસી વક્તાઓએ નિખાલસપણે સ્વીકાર્યું હતુ કે પારસી ગુજરાતી ભાષા દૂષિત છે અને સરકાર હેને આપવાની આવશ્યકતા છે

આ સર્વ અશો પરિષદ્‌મા હતા, છતા એ બધી પરિષદોમા મુખ્ય અશ તો નિબન્ધોનુ વાચન તે જ હતુ પ્રથમ પરિષદ્ વખત ૨૧ નિબન્ધો આવ્યા હતા, અને કોઈને પણ આરમ્ભસમયમા નિરુત્સાહ ના કરવો એ ધોરણ રાખેલુ હતુ તેથી બધા સ્વીકારાયા હતા બીજી પરિષદ્ વખતે પણ “પરિષદના શૈશવમા નિયમપાલનના કડક આગ્રહ રાખવો એ અનુચિત હોવાથી” સર્વ સ્વીકારાયા હતા છતા રિપોર્ટને અતે ટીપ આપીછે તે ઉપરથી જણાયછે કે આટલા દયાળુ દર્શનવાળા વ્યવસ્થાન પણ બ નિબન્ધો “તદ્દન નિર્માલ્ય હોવાથી” છોડી દેવા પડ્યા હતા એ બીજી પરિષદ્‌મા ૪૧ નિબન્ધો આવ્યા ત્હેમાથી ૨ ટાળ્યા હતા ત્રીજી પરિષદ્ વખત ૧૦૭ નિબન્ધો આવ્યામાથી ૩૫ નાકબૂલ કરવામા આવ્યા હતા અને ચોથી પરિષદ્‌મા ૪૭ નિબન્ધો આવ્યામાથી ૧૨ નાકબૂલ કરાયા હતા નિબન્ધો માટે વિષયોની યાદી પ્રત્યેક પરિષદ્ વખતની જોતા ક્રમશ વિકાસ અન રૂપાન્તર નજરે પડછે પ્રથમ પરિષદ્ વખતની યાદી ન્હાના પાયા ઉપર હતી, બીજી પરિષદ્ વખત બહુ શ્રમરચિત ન વિશાળ યાદી હતી,—અને તે વખતે પ્રમુખે કહ્યુ હતુ તેમ “વિષયોની યાદીનુ સ્વરૂપ અન વિસ્તાર અનેક નાનાવિધના અનુભવોના પ્રભાવથી નક્કી થશે” અમ આશા રાખેલી જણાયછે ત્રીજી પરિષદ્ વખતની યાદી બીજી કરતા પણ વિશેષ વિસ્તીર્ણ અને શ્રમરચિત જણાયછે. આ ઉલ્લાસ ચોથી પરિષદ્ વખત સયમમા રખાયો અને યાદી કાંઈક સુશ્લિષ્ટ, સાદી, અને વિશદતાવાળી રચાઈ.

પરિષદ્‌ની સ્વરૂપઘટના જોતા સ્થિતિ આમ નજરે પડેછે પ્રતિનિધિયો જુદા જુદા મડળો વગેરે તરફથી બોલાવવાનો અશ ચારે પરિષદોમા નજરે પડેછે પ્રથમ પરિષદ્‌મા વ્યવસ્થાને અગે મડળની રચના સાદી હતી, તે પછીની પરિષદોમા વ્યવસ્થાપક કમિટી, સત્કાર કમિટી, ઇત્યાદિ કમિટીઓના ઘાટ ક્રમશ. વિકાસ પામ્યા જણાયછે.

કાયમના સામાન્ય મન્ત્રીઓની યોજના પણ ત્રીજી અને ચોથી પરિષદ્‌મા સ્પષ્ટ આકારમાં પ્રગટ થઇછે પ્રમુખની નીમણુક માટે સ્વીકારાયલા તત્ત્વોનું દર્શન પાછળ થઈ જ ગયુ છે હજી આપણી પરિષદ્‌નુ બધારણ કાયમનુ ઘડાયુ નથી, અને તે માટેની આવશ્યકતા અથવા તો સમયયોગ્યતા એ એક દૃષ્ટિયે વિચારણીય વિષય છે પરિષદ કેટકેટલા સમયને અતરે ભરવી તે પણ નિશ્ચિત નથી અને તે શૈથિલ્ય હાલ તો અહિતકર નથી જણાતુ. બીજી પરિષદ્ વખત ખાનગી ચર્ચામા ઠર્યું હતુ કે ત્રણ વર્ષનો ગાળો તો રાખવો જ, છતા ત્રીજી પરિષદ બે વર્ષ પછી મળી હતી આ પ્રશ્નને અગે મુખ્ય જોવાનુ એ છે કે એટલી સામગ્રી, સમય, ઇત્યાદિ સમૃદ્ધિ આપણી પાસે છે ખરા ?

યુરોપના **Oriental Congress**ના ઘટના તથા હેતુ

આ આપણી રચાવાની દશાવાળી સ્વરૂપઘટનાને માટે નમૂનો આપણે પાશ્ચાત્ય પરિષદોનો જ લીધાછે એ સ્પષ્ટ છે પ્રથમ પરિષદ્‌ના રિપોર્ટના આમુખમા એ વાતનો ઇશારા સ્પષ્ટ છે (આમુખ પૃ. ૩ જુ જુવો.) આ પાશ્ચાત્ય પરિષદો વિશે પાછળ ઉલ્લેખ હુ કરી જ ચૂકયોછુ. પરતુ હેની ઘટના, હેતુ, ઇત્યાદિનુ દર્શન પડછા તરીકે કરવાનો અહિ પ્રસગ ઉત્પન્ન થાયછે. તેથી પ્રથમ કહેલી વાતની પૂરવણી તેમ જ પુષ્ટિ માટે થોડીક હકીકત નોધવી અસ્થાને નહિ થાય આપણી પરિષદ્‌ને વધારમા વધારે સરખાપણાનો સબન્ધ International Congress of Orientalists જોડે છે એટલે તે સંસ્થા વિશે જ બોલવુ બસ છે ઈ સ ૧૮૭૩ ના સેપ્ટેમ્બર માસમા આ પરિષદ્‌ની સ્થાપના પારીસમા પ્રથમ થઈ હતી પછી સેપ્ટેમ્બર ૧૮૭૪ મા લડનમા પરિષદ મળી, તે વખતે પ્રમુખ સ્થાનથી ડૉકટર સૅમ્યુઅલ બર્ચે ભાષણ કર્યું હેમા આરમ્ભમા જ પરિષદ મળવાના હેતુનો ઉલ્લખ સહજ પ્રસગે જણાવ્યો હતો તે જોઇયે —

Bringing together these students of congenial pursuits to interchange thoughts, to discuss points of common interest, and to make each other's acquaintance'

(" પરસ્પર વિચારોનો વિનિમય કરવાને, જેમા સરખો રસ પડે હેવા પ્રશ્નો ચર્ચવાને, અને અન્યોન્ય ઓળખાણ કરવાન, મનગમતા વિષયોના અભ્યાસકોને એકત્ર મેળવવા ")

એ જ પરિષદ્‌ના આર્યન વિભાગના પ્રમુખસ્થાનથી પ્રો મૅક્સ મ્યૂલરે પરિષદ્‌ના હેતુનુ દિગ્દર્શન કરેલુ જોઇયે ——

" Our Congress is not a mere fortuitous congeries of barren atoms or molecules, but we are at least Leibnizian monads, each with his own self, and force, and will, and each determined, within the limits of some pre-established harmony, to help in working out some common purpose, and to achieve some real and lasting good."

(આપણી પરિષદ્ તે કાંઈ આકસ્મિક યોગે એકત્ર થયેલા નિષ્ફળ પરમાણુઓ અથવા અણુગણોનો ઢગલો નથી, પરતુ કાંઇ નહિ તો લાઇબ્નિઝના સિદ્ધાન્તમાની આત્મતત્ત્વની વ્યક્તિયો જેવા આપણે છિયે, પ્રત્યેકને પોતાનું સ્વરૂપ, પોતાનુ બળ, અને પોતાની ઇચ્છાશક્તિ છે, કોઇ પૂર્વનિમિત સ ાદની નિયમમર્યાદામા રહીને, કોક સમાન ઉદ્દેશ સાધવામા સહાયભૂત થવાને તથા કાંઈ સાચુ અને સ્થાયી હિત સપાદન કરવાને, પ્રત્યેક આગ્રહથી ઉદ્યુક્ત થયેલા છિયે)

પરિષદ્નો એક લાભ અથવા હેતુ તે મડળમા સાથે ખાવાપીવા માટે તથા આનન્દસમાગમ માટેનો મેળાવડો થાયછે તે છે, એ વાત ગૌણરૂપે સ્વીકારીને પ્રો૦ મેકસ મ્યૂલર પરિષદ્ના ખરા અને સ્થાયી લાભ બે બતાવેછે —

(૧) આપણને આ સમેલનો આપણા જ્ઞાનની ધનસામગ્રીની ગણના કરવાને, પરસ્પર કાર્યની સરખામણી કરવાને, આપણે ક્યહા છિયે તે જેવાને તથા કેઈ દિશામા જવુ જોઇયે તે શોધવાને શક્તિમાન્ કરેછે,

અને (૨) આપણે ક્યહા આવી પહોચ્યા છિયે, જગત્ માટે શુ કરિયે છિયે, અને બદલામા જગતે આપણે માટે શુ કરવુ જોઇયે એમ અપેક્ષા રાખિયે છિયે, તે વખતો વખત જગત્ને કહેવાનો આપણને પ્રસગ હાવા સમેલનોથી મળેછે

એ પરિષદ્ના બીજા જ વર્ષમા હેના પાચ વિભાગ કરવામા આવ્યા હતા, પ્રત્યેક વિભાગનો પ્રમુખ જુદો હતો, અને એક વિભાગની બેઠકને એક દિવસ આપવામા આવ્યો હતો; વિભાગોની નામગણના આમ હતી —સેમેટિક, તુરાનિયન, આર્યન, હેમિટિક, આર્કિયોલોજિકલ તથા એથનોલોજિકલ. આ વિભાગોની વિસ્તીર્ણતા તથા સ્વરૂપ જ વિભાગ કરવાની આવશ્યકતા દર્શાવેછે, એ પરિષદ્ની દર્શનમર્યાદા જ પૃથ્વીના અર્ધ વિસ્તાર ઉપર વ્યાપેલી હતી. રાત્રે રાત્રે પરિષદ્ની બેઠકો થતી અને દિવસે પરિષદ્નુ મડળ બ્રિટિશ મ્યુઝિયમ જેવા સ્થળોના નિરીક્ષણ કરી આવતુ હતુ

આ પરિષદોના પૂર્ણ ઇતિહાસમા ઊતરવા જતા લબાણ થાય પરતુ એટલુ તો જણાયછે કે પરિષદ્ માટે બધારણ, અધિકારીમડળ, પ્રમુખો, ઇત્યાદિની યોજના, વગેરે પ્રશ્નોને ગૌણ સ્થાન આપી પરિષદ્નુ સર્વ લક્ષ પોતાના વિદ્યાવિષયક કર્તવ્યમા જ પ્રેરેલુ રહેતુ હતું. તે સાથે પરસ્પર સહકારિતા, કલહત્યાગ, સત્યશોધન તરફ અનન્ય દૃષ્ટિ, એ ભાવોથી એ પરિષદોનો કાર્યવ્યાપાર પ્રેરિત થતો બીજી પરિષદ્ના પ્રમુખ-સ્થાનના ભાષણમા ડો૦ સેમ્યુઅલ બર્ચ બોલ્યા હતા.—

Orientalists, too, are all, so to say, men born of the same family, and, like a family, mutually interested, in the success of their respective studies Before that, as students, all the distinctions of race, creed and

nationality disappear or are forgotten Even criticism ought neither to be nor become personal, inasmuch as science places for its object the highest scope of the mind—truth, which is in most cases difficult to find, and no reproach to miss"

(પૂર્વના દેશોના વિષયોના અભ્યાસકો એક રીત્યે જોતા એક કુટુમ્બમા જન્મેલા પુરુષો છે, અને, એક કુટુમ્બીઓની પેઠે, પોતપોતાના અભ્યાસમાં વિજય મેળવવામા અન્યોન્યના હિત જોડાયલાછે. આ દૃષ્ટિથી અભ્યાસકો તરીકે જાતિ, ધર્મ, અને પ્રજા- પણાના ભેદ લુપ્ત થાયછે અથવા ભૂલાઈ જાયછે ટીકા પણ અંગત રૂપની હોવી અથવા થવી ના જોઇયે, કેમકે જ્ઞાનના અન્વેષણનો વિષય માનવબુદ્ધિનો ઊચામા ઊચો વ્યાપારવિષય—સત્ય તે છે, સત્ય જે બહુ પ્રસંગે જડવુ કઠણ છે, અને પ્રાપ્ત ન થવુ તે લજ્જાસ્પદ નથી)

હાવા મહાન્ ભાવોથી પ્રેરાયલા, આખા જગતના વિસ્તીર્ણ જ્ઞાનવિષયોના પંડિતોની, વિશાળ અન્વેષણક્ષેત્રમા વિચરનારી, પરિષદનો આદર્શ તરીકે લેનારી આપણી પરિષદ્ છે. અલબત, એ મહાન્ પ્રયાસ ક્યહા અને આપણો સંકુચિત ક્ષેત્રનો, અલ્પ અધિકારનો, પ્રયાસ ક્યહા ? તથાપિ આપણા આદર્શમા રહેલા ઉન્નત ભાવો આપણા પ્રેરક બળ બને તો નિસંશય કાલક્રમે આપણો અધિકાર વધતા વધતા આપણી પરિષદ્ની યોગ્યતા વધારી સકીશુ

આપણા પ્રયાસની સ્હામે વાંધો ઊઠાવવામા આવે કે લ્હમે putting the cart before the horse ("ગાડુ આગળ અને બળદ પાછળ જોડવા")હેવુ કામ કરોછો, પરિષદ્ પંડિતોની હોય પંડિતપરિષદ માટે લ્હમારામા ખરા પંડિતો ક્યહા છે ? પરિષદ તે કાંઈ પંડિતો બનાવવાનુ કારખાનુ નથી પણ બનેલા પંડિતોનો સમુદાયસમા- ગમ છે —ઉત્તર શો આપીશુ ? સ્વીકારવુ પડશે કે યુરોપની પરિષદની સ્થિતિ આપણે અહિ નથી, ત્યહા પ્રથમ પંડિતો અને પછી પરિષદ્—એ સ્વાભાવિક ક્રમનુ દર્શન થાયછે પરંતુ આપણામા શુ થોડા ગણનાર પંડિતો—ન્હાના ઘાટના પણ ખરા પંડિતો— નહિ જડે ? અને હેવાની જોડે સમાગમ થવાથી આપણને આપણી અપંડિતતા, ઊનપંડિતતા, સુધારવાનો પ્રસંગ હાવી પરિષદોમા મળે એ પણ એક ઓછો લાભ નથી. વળી એ પણ વિચારવાનુ છે કે દેશકાલની સ્થિતિ વિચારતા પાશ્ચાત્ય પરિષદ્ની સર્વાંશે સ્વરૂપસમાનતા માટે વાટય જોઈ બેશી રહેવુ એ ઇષ્ટ નથી. આપણા દેશના હિતસાધન માટે અડધી સામગ્રી વડે પણ કામ ચલાવવાની જરૂર છે.

તો આપણી પરિષદના હેતુ હાલ શા છે ? મ્હારી દૃષ્ટિયે તે આ પ્રમાણે હોવા જોઇયે અને છે,—

આપણી પરિષદના હેતુ

(क) ગુર્જર સાહિત્યને તથા ભાષાને સમૃદ્ધ શી રીતે કરવા તે વિશે તપાસ કરવી,

(ख) એ સમૃદ્ધિ કરવા માટે ઉપાયો યોજવા સાધનો મેળવવા,

(ગ) પ્રાચીન અર્વાચીન ગુર્જર સાહિત્ય અને ભાષાનો અભ્યાસ કરી વિદ્વાનોએ જે શોધ કરી હોય ત્હેનો વિચાર કરવો,

(ઘ) ગુર્જર ભાષા અને સાહિત્યની વિશુદ્ધિ જાળવવી, ત્હેમનુ જીવન પ્રવર્તાવવુ, મરણમાથી રક્ષણ કરવુ

ગુર્જર સાહિત્ય તથા ભાષાની સમૃદ્ધિની તપાસ તથા ઉપાય યોજના

વૃથા ભાષાભિમાન અને દેશાભિમાનનો ત્યાગ કરીને ખરી આત્મપરીક્ષા કરીશુ તો જણાશે કે આપણી ભાષા તથા સાહિત્યની સ્થિતિ ખરેખર દરિદ્ર જ છે અગ્રેજી અને યુરોપની અન્ય સસ્કારી ભાષાઓના સાહિત્ય જોડે સરખામણી કરીશુ તો એમ જ ભાસ થશે કે એ દેશના ભાષા-સાહિત્ય ઊંચા ઊંચા સૂર્યલોકમા વિચરેછે, અને આપણી ભાષા અને સાહિત્ય પૃથ્વી ઉપર અધકારમય પ્રદેશમા ભટકયા કરેછે. સાહિત્યના વિભાગો અગ્રેજી ઇત્યાદિમા કરીશુ તો તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, વિજ્ઞાન, નીતિ, તત્ત્વશાસ્ત્ર, ઇત્યાદિ અનેક વિભાગમા સખ્યાબન્ધ પુસ્તકો જડશે, અનેક વિદ્વાનો તે તે વિષયના ખાસ અભ્યાસકો બની કર્તવ્યમા પ્રવૃત્ત થયેલા જોઇશુ, શુદ્ધ સાહિત્યમા કવિતા, વાર્તા નાટક, બાલસાહિત્ય, લોકગીત, ઇત્યાદિ, ઇત્યાદિ, અનેક શાખાઓમા તે જ પ્રમાણે સમૃદ્ધ અવસ્થા નજરે પડશે આ સર્વમા આપણે એક શાખામા પણ અભિમાન કરવા જેવી સમૃદ્ધિ બતાવી સકાય એમ નથી આ ચિત્રથી ગ્લાનિ થાય ખરી, પણ નિરુત્સાહ થવાનુ કારણ નથી કેમકે ભાષા અને સાહિત્ય તે પ્રજાજીવનના પ્રતિબિમ્બ છે, એ જીવનનો વાણીમય સાક્ષાત્કાર છે, અને આપણા પ્રજાજીવનમા ઇશ્વરયોજનાથી પાશ્ચાત્ય સપર્કને પરિણામે નવી જાગૃતિ આવીછે તેથી કાલક્રમે જીવનવિકાસ થયા વિના રહેવાનો નથી આ વિકાસ જેમ જેમ સબળ રૂપ લેશે, આપણા જીવનમા તત્ત્વ-જ્ઞાન, વિજ્ઞાન, કવિત્વભાવના ઇત્યાદી વ્યાપારો ખરેખરા પ્રવેશ કરશે, પ્રજાની નાડી નાડીમા જ્ઞાનનુ રુધિર વહન કરશે, તેમ તેમ આપણી ભાષા અને સાહિત્ય અનુકૂલ રૂપ અવશ્યમેવ ધારણ કરશે

આ દૃષ્ટિયે પ્રજાના સાસારિક ધાર્મિક અને રાષ્ટ્રીય જીવન અને ભાવનાઓ જોડે ભાષા અને સાહિત્યનો સબન્ધ પ્રગટ થશે, સાક્ષાત્ તે તે જીવનના અગના સાહિત્યથી ભિન્ન; સસાર ધર્મ અને રાષ્ટ્રના પ્રાણથી અનુપ્રાણિત થઇને ભાષા તથા સાહિત્યના સ્વરૂપ ઘડાયછે તે રીતે સબન્ધ આવશે બાકી એ ત્રણ વિષયમા સાહિત્યપરિષદ્‌ના વ્યાપારને અતિક્રમણ કરવા દેવો ન જોઇયે, કેમકે આપણી પરિષદ્ તે સાહિત્ય પરિષદ્ છે, સાસારિક, ધાર્મિક, કે રાષ્ટ્રીય પરિષદ્ નથી અલબત સાહિત્યનો સબન્ધ આ ભાવનાઓ જોડે આવવાથી શુદ્ધ સાહિત્યની સ્વતન્ત્રતાનો કાંઇક લોપ થાયછે, કેમકે શુદ્ધ સાહિત્યના અધિષ્ઠાતા મહાન્ નાયકોના ગ્રન્થો તો માનવજીવનની વિશાળ ભૂમિ ઉપર વિસ્તીર્ણ મન્દિર ચણીને સ્થિતિ કરેછે શેક્સપીઅર, મિલ્ટન, ડેન્ટી, વાલ્મીકિ, કાલિદાસ, ભવભૂતિ ઇત્યાદિ આખી પૃથ્વીના કવિયો—અમુક દેશકાલના નહિ પણ આખા જગત્‌ના કવિયો—તે તો આ ઊંચા પાયા ઉપર જ ઊભા રહેછે આ વિચારીશુ તો અમુક

દેશકાલના સંકુચિત લક્ષણ વડે મર્યાદિત થયેલા વિષયની કવિતાને જ કવિતા તરીકે લેખનારાઓ સાર્વકાલીન કવિતાનું સ્વરૂપ જ ભૂલી જાયછે તે સહજ જણાશે. આપણી સાહિત્ય-પરિષદે વિશિષ્ટકાળનું તેમ જ સાર્વકાલીન સાહિત્ય એ બંને તરફ દૃષ્ટિ કરવાનીછે; જો કે ઘણીવાર અમુક સાહિત્ય સાર્વકાલીન થશે તે વાત થોડો વખત અગમ્ય રહેછે ખરી છતાં, સાર્વકાલીન અને સાર્વદૈશિક સાહિત્યને પણ ભાષા તો કવિની–ગ્રન્થ-કર્તાની--પોતાના દેશની જ સાધન રૂપે વાપરવી પડે અને તેથી કરીને અમુક મર્યાદામા દેશીય અંશ પ્રવેશ પામે જ. આ પક્ષે સ્વભાષાની શુદ્ધિ, વૃદ્ધિ, સમૃદ્ધિની તપાસ પ્રસ્તુત બનવાની જ.

ત્હારે આપણા સાહિત્યને અને આપણી ભાષાને સમૃદ્ધ કરવા માટે ઉપાયયોજના શી? પાશ્ચાત્ય જ્ઞાનના તેજ પ્રવાહે આપણને માર્ગ દેખાડયોછે તે તરફ નજર કરીશું તો જણાશે કે આપણા પ્રાચીન સાહિત્યનો અભ્યાસ તેમ જ પાશ્ચાત્ય સાહિત્યનો અભ્યાસ જે રીતે વધારે પ્રસાર પામે અને વધારે દૃઢરૂપ થાય તે રીતે પ્રયાસ કરિયે એ એક મુખ્ય સાધન છે. આપણા પ્રાચીન સાહિત્યમા સંસ્કૃત તેમ જ પ્રાકૃત સાહિત્યનો સમાવેશ થઈ જાયછે તે કહેવાની જરૂર નથી. આ સાહિત્યનો અભ્યાસ તે જાતે જ અન્તિમ લક્ષ્ય નથી,–અલબત તેમ માનીને એ અભ્યાસ તીવ્ર વિદ્વત્તાથી થઈ સકે, તે જુદી વાત. પરંતુ એ અભ્યાસથી પ્રજાજીવનનો સાક્ષાત્કાર કરનારી ભાષાનો ને સાહિત્ય-સમૃદ્ધિનો ઇતિહાસ જોઈ હેમાથી કાલાનુસાર આપણી સમૃદ્ધિ વધવાના માર્ગ સોધવામા એ અભ્યાસનું છેવટ સાર્થક્ય છે. તેમ ના થાય તો કેવળ પુસ્તકપંડિતોના નિષ્ફળ જીવનથી દેશને જે હાનિ થાય તે થવાની. પંડિતોના જ્ઞાનનો દેશસેવામા વિનિયોગ થાય તે સાફલ્ય પ્રાપ્ત ના થવાનું.

માટે કાલાનુસાર આપણી ભાષાની સમૃદ્ધિ વધારવા માટે યોગ્ય મર્યાદામા (ભાષાનું વ્યક્તિત્વ જાળવી રાખીને) ઉદારભાવથી શબ્દો, વચનો, વિચારો ઇત્યાદિના ઉમેરાથી, અને સાહિત્યની સમૃદ્ધિ નવીન ભાવનાઓના યોગ્ય ઉમેરાથી–જે રીતે થાય તે તરફ આપણી પ્રયાસપ્રવૃત્તિ થવાની જરૂર છે. અલબત, આ ભાવનાઓ આપણા વ્યક્તિજીવનમા તેમ જ પ્રજાજીવનમા સ્વભાવસિદ્ધ જેવી બની હશે તો જ પરિણામી સાહિત્ય સજીવ, સત્ય, અને સમર્થ થશે. કવિતા લખનાર કવિ જે ભાવનાને પોતાની કૃતિમા મૂર્ત રૂપ આપેછે, તે ભાવના તરફ કવિને અન્તઃકરણમાથી શ્રદ્ધા, પૂજ્યભાવ, હોય તો હેની કવિતા અકૃત્રિમ અને સત્ય ભાવવાળી થશે અને એ સત્ય ભાવના ગુણ માટે તે તે ભાવના તરફની શ્રદ્ધા આત્મબલિદાનની પણ માગણી કરેછે. ઉદાહરણ તરીકે, દેશસેવાની ભાવના લ્યો. એ ભાવના માટે જ્યહા સુધી આત્મબલિદાનની તત્પરતા નહિ હોય ત્યહા સુધી એ ભાવનાના તરફ ખરી શ્રદ્ધાની ખામી જ રહેશે, અને ત્યહા સુધી એ ભાવનાનું સાહિત્ય કૃત્રિમ અને સત્યભાવ વિનાનું, નિર્જીવ, દામ્ભિક, બનશે.

ભાષાસમૃદ્ધિ વધારવા માટે ઉદાર ભાવ રાખી સર્વ સ્થળેથી શબ્દાદિકનો સ્વીકાર કરવો એ પક્ષને મર્યાદાની જરૂર તો છે જ. સર્વસ્વીકારની પદ્ધતિ હેવી પણ ના થવી જોઇયે

કે ભાષાની વિશુદ્ધિને હાનિ પ્હોચ 'માકલી આપવુ', 'શુ ચિન્તા', ઇત્યાદિ દૂષિત પ્રયોગોને માટે, તેમ જ અગ્રેજી ભાષારૂઢિના તરજૂમિયા ઉતારા, અગ્રેજી વાકયરચનાની કઢગી નકલો ઇત્યાદિ માટે, ભાષાના જીવનતત્ત્વની દૃષ્ટિયે જોતા, કશો પણ બચાવ નથી હાવા પ્રયોગોની અશુદ્ધિનુ બીજ તપાસવા જઇશુ તો જણાશે કે પ્રજાજીવન સાથે વિરોધ હેમા કોઇને કોઇ રૂપે સમાયલો હોયછે. પ્રજાજીવનમાથી જે પ્રયોગો સ્વાભાવિક વિકાસક્રિયાથી પ્રગટ થતા નથી તે ભાષાની વિશુદ્ધિને ક્ષતિકર બનેછે અગ્રેજીમા a storm in a tea-cup એ કહેવત છે હ્હેના પ્રતિબિમ્બરૂપે આપણી ભાષામા કોઇ કહેવત ના જડે તે માટે "હ્હાના પ્યાલામા તોફાન" એમ કહેવત ઘડી કાઢીયુ ના તે પ્રજાજીવનનુ પ્રતિબિમ્બ તો નહિ જ બને એ જ રીતે ગુજરાતી કહેવત 'સો દહાડા સાસુના તો એક દહાડો વહુનો' હેતું અગ્રેજીમા રૂપાન્તર કરવા જતા હ્હેવી જ વિફલતા થવાની પ્રજાના નિત્યજીવનમા હ્હાનો પ્રવેશ સંપૂર્ણ ઓતપ્રોત થઇને એ પ્રકારનુ કહેવત આપોઆપ ભવિષ્યમા સ્વાભાવિક વિકાસથી ઉદ્‌ભવ પામે તો જુદી વાત પરતુ ટ્હાનો પ્યાલો નગરવાસીમા તેમ જ ગ્રામવાસીમા પણ પ્રવેશ પામ્યાછે છતા જીવનમા ઓતપ્રોત નથી, અને જીવનાશ નથી, જીવનને બ્હારથી વળગાડેલા પ્રકાર છે ભાષાનો વિકાસ પ્રજાજીવનમાથી થાયછે એ તત્ત્વ અહિ આકસ્મિક રીતે સૂચિત થાયછે

માટે ભાષાના જીવનનુ રક્ષણ કરવુ એ પણ આપણુ કર્તવ્ય છે બ્હારના અશોનો સ્વીકાર, પોતાના વ્યક્તિસ્વરૂપને બાધક ના થાય તે રીતે કરવા એ જેમ ઇષ્ટ છે તેમ, અન્ય પક્ષે, ભાષાના જીવનસ્વરૂપને અનિષ્ટ આક્રમણોથી અસ્પૃષ્ટ રાખી રક્ષણ કરવુ તે પણ કર્તવ્ય છે આમ ભાષાના વ્યક્ત જીવનના રક્ષણરૂપી કર્તવ્યને લીધે જ હિન્દી અથવા અન્ય ભાષા ભરતખડ માટે (સમાન ભાષા નહિ, પણ) એક ભાષા—અનન્ય ભાષા—બનાવવાનો પક્ષ આપણી વ્યક્ત સાહિત્યપરિષદ્‌ના ઉદ્દેશને બાધક બનવાનો રહેછે આ વિશે અન્ય પ્રસગે હુ સવિસ્તર સ્થિતિપરીક્ષા કરી ચૂકયોછુ * અહિ પ્રસગોપાત્ત આટલુ દિગ્દર્શન બસ છે

પ્રજાજીવનનો સાક્ષાત્કાર ભાષામા છે તો તો ભારત રાષ્ટ્રીય ભાવના માટે આખા ભરતખડ માટે એક ભાષાની આવશ્યકતા ઉત્પન્ન થઇ જ એમ શકા નીકળે. પરતુ જરાક ઊડો વિચાર કરિયે પ્રજાજીવન અને રાષ્ટ્રીય જીવન એ સમાન વ્યાપ્તિના શબ્દો નથી, પ્રજાજીવનનો વ્યાપાર રાષ્ટ્રીય જીવનમા પર્યાપ્ત નથી થતો સાસારિક જીવન, ધાર્મિક જીવન, ઇત્યાદિ જીવનના વિવિધ પ્રદેશનો સગ્રહ હેમા થાયછે. તે દૃષ્ટિથી પ્રાન્તિક રીતરિવાજ ઇત્યાદિમા ભિન્નતા અનિવાર્ય છે ઊંચી ભાવનાઓ સર્વ પ્રાન્તોને સમાન હોય તે ખરૂ પણ ભાષા કાઇ ઘડી ઘડાતી નથી, કે ભાગી ભગાતી પણ નથી એ તો પ્રકૃતિના નિયમોને વશ ઊગનારુ વૃક્ષ છે બીજુ, રાષ્ટ્રીય ભાવના હજી આદિમ અવસ્થાની હાલતમા છે, હ્હેનો સાક્ષાત્કાર હજી પ્રજાજીવનમા આભ્યન્તર વિકાસમાથી

---

* "ભરતખડ માટે એક ભાષા" એ નિબન્ધ, ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્‌ના રિપોર્ટમા પ્રગટ થયેલો જુવો

નથી થયો, બાહ્ય સંસ્કારના રૂપમા જ છે,-ઇત્યાદિ સ્થિતિ વિચારીશુ તો ઉપર કાઢેલી શઙ્કાનો નિરાસ થઈ જશે

આપણી ભાષાનુ મરણ ના થવા દેવુ—આ એક આપણે સભાળવાનુ છે. ડૉક્ટર ફ્લીટ જે વખતે શોલાપુર જિલ્લામા કલેક્ટર હતા તે વખતે હેમના પ્રસગમા હુ આવ્યો હતો તે અરસામા વાતપ્રસગે હેમણે કહ્યુ કે દેશી ભાષાઓના વિકાસ માટેના પ્રયાસો વ્યર્થ છે, વખત જતે અગ્રેજી ભાષા તે જ હિન્દુસ્તાનની ભાષા થવાનીછે. આ વિલક્ષણ મતનો ઉત્તર મ્હે અન્યત્ર આપ્યોછે* આપણી પ્રાન્તીય ભાષાનો ઇતિહાસવિકાસ એ મતને ખોટો પાડશે, એમ તે સ્થળે મ્હે દર્શાવ્યુ છે. અહિં એટલુ ઉમેરુછુ કે હિન્દુસ્તાનના લોકોના પ્રાચીન કાળથી વિકાસ પામેલા સુધારાનો ઇતિહાસ ભૂલી જઈને હેમને અમેરિકાના ઇંડિયનોની સાથે સમાન કક્ષામા મૂકનારા કેટલાક એમ કહેછે કે એ અમેરિકાની જગલી પ્રજાની પેઠે હિન્દુસ્તાનની પ્રજા પણ નાબૂદ થશે, હેના જેવો જ આ મતમા ઇતિહાસ અને વસ્તુસ્થિતિનો અનાદર પ્રગટ થાયછે જો ભરતખડની પ્રજા અસ્તિત્વમાથી લુપ્ત થશે, ભરતખડમાથી શુદ્ધ પ્રાચીન ધર્મનુ સ્વરૂપ ભૂસાઈ જઈ સર્વત્ર ક્રિશ્ચાનિટી વ્યાપશે, તો બેશક પ્રાન્તીય ભાષાઓનો નાશ થશે પણ હજી તે સમયને બહુ વાર છે.

પણ જે રીતે સસ્કૃત ભાષા હાલના સમયમા મરણ પામેલી જ ગણાય તેમ આપણી ભાષાઓનું મરણ થશે તો કેમ ? સસ્કૃત ભાષા તે હવે જીવનની ભાષા કોઇ પ્રદેશમા નથી (વસ્તિપત્રકના રિપોર્ટમા વિરલ પ્રદેશમા સસ્કૃત ભાષા બોલાતી કહેલી છે ખરી, પરતુ તે માત્ર ૭૧૬ જણા બોલેછે એમ કહેલુછે, અને એ જીવનભાષા તરીકે હોવા વિશે સશય છે) આ પરિણામ આપણી ભાષા ન પામે તે માટે સસ્કૃત ભાષાના મરણના કારણો તપાસીશુ તો આપણને બચાવનો રસ્તો જડશે સસ્કૃત ભાષાએ પોતાના સ્વરૂપમા જોઇયે તેટલી સ્થિતિસ્થાપકતા જાળવી નહિં, પોતાના environments પરિવેષ્ટનો – આસપાસ વીટાયલા બળો—ની સાથે યોગ્ય અનુકૂલતા, સમયોચિત ફેરફાર કરવાની ક્રિયા, તરફ વલણ ના રાખ્યુ, અને બહુધા અણવળકણી લોખડ જેવી સ્થિતિ પકડી રાખી, પ્રજાના આન્તર જીવનમા પ્રચરિત થયેલા રૂપાન્તરોને મૂર્ત કરવા માટે તે તે પ્રમાણમા ભાષામા રૂપાન્તરો ના થવા દીધા, તેથી સસ્કૃત ભાષા પરિણામે મરણ પામી માટે આપણે મરણભય ટાળવા માટે આપણી ભાષાને એ આગ્રહી સ્થિતિમા અકડાઈ જવા દેવી નહિ એ મુખ્ય પ્રતિબન્ધક ઉપાય છે. પરતુ સ્હામે એ પણ સભાળ રાખવાની જરૂર છે કે આપણી ભાષાનુ જીવનબિન્દુક અન્તસ્વરૂપ તજી દેઈને વિદેશી સ્વરૂપો અવિચારથી સવરવા ના જોઇયે નવીન ભાવનાદિક આસપાસ આવીને અનુપ્રાણન કરે તો તે વખતે ભાષાના ઇન્દ્રિયદ્વારો બધ પણ ના રાખવા; પરિવેષ્ટનોમાંનાં પ્રતિકૂલ હોય તે જોડે યુદ્ધ કરવુ અને અનુકૂલ હોય તે જોડે આલિંગન કરી હેનો

---

* "ભરતખડ માટે એક ભાષા" એ નિબન્ધ પૃ-૩૭-૩૮ (ત્રીજી સાહિત્યપરિષદ્નો રિપોર્ટ)

પ્રાણ મેળવી દેવો આમ सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डित એ બોધનો સારો ઉપયોગ કરવો, મૂર્ખ પંડિતોએ કર્યો હતો ત્હેવો નહિ

ભાષાને મરણમાથી બચાવવા માટે આ સામાન્ય ધોરણ બસ છે અલબત, પરમ અન્તે તો મરણ સર્વનુ છે જ, ભાષા, શાસ્ત્ર, સાહિત્ય, ઇત્યાદિ સર્વનુ પરતુ તે પ્રલયકાળના સમયના વિનાશ માટે ખેદ પણ નથી કરવાનો, અને તેટલા માટે દુનિયા ચાલેછે ત્હા સુધી તો ભાષાના રક્ષણ માટે પ્રયાસ કરતા અટકવાનુ પણ કારણ નથી એ પ્રયાસ કરતે આપણે ધ્યાનમા રાખવાનુ છે કે દેહ કરતા મનોવ્યાપાર અધિક પ્રભાવવાળી વસ્તુ છે, અને મનોવ્યાપારના વિચારમય રૂપને પૂર્ણ બળમા પ્રગટ કરવાનુ સામર્થ્ય કોઇ પણ માનવભાષામા નથી, ભાષા તે વિચાર પ્રકટનનુ આખરે અલ્પબળ સાધન છે, છતા તે સાધનમાં આપણાથી બને તેટલુ સામર્થ્ય પૂરવુ એ આપણુ લક્ષ્ય જોઇયે બીજુ ધ્યાનમા રાખવાનુ એ છે કે આ યુગમા, જગત્ના દૂર દૂર દેશના સ્થળો વચ્ચે પરસ્પર ગાઢ વ્યવહારસબન્ધના યુગમા, કોઇ પણ છૂટક પ્રજા world-forces જગતના ચાલક બળોથી અસ્પૃષ્ટ રહી સકશે નહિ, તેથી ભાષા ઉપર પણ એ વ્યાપકબળોની અસર પ્હોચવાની જ. તેટલે અંશે ભાષાને બાહ્ય સસ્કારોથી બચાવવાનો વ્યર્થ પ્રયાસ ના કરવો તે ખરુ છે તથાપિ ભાષાનુ વ્યકિતસ્વરૂપ સાચવવાનો પ્રયાસ તે આ તત્ત્વને બાધક નહિ બને મ્હે અન્ય પ્રસગે* દર્શાવ્યુછે તે પ્રમાણે યુરોપખડમાં પદર વર્ષ ઉપરાતથી દેશ દેશની ભાષાનુ સ્વતત્ર સાહિત્યમય બધારણ થવાનુ વલણ શરૂ થયેલુછે અને હેનુ પ્રાબલ્ય ચાલૂ છે, અને વિશ્વના ચાલક બળોની વ્યાપકતા, ઉપર કહી તે, ધ્યાનમા રાખતા એ બળનો પ્રભાવ આપણા દેશની પ્રાન્ત ભાષાઓ ઉપર પણ થવાનો, અર્થાત્ ભાષાનુ વ્યક્તિસ્વરૂપ બાધવુ તથા વિકસાવવુ હેને પણ વિશ્વના ચાલક બળોમા સ્થાન છે આમ છતા બીજા ચાલક બળોની પ્રવૃત્તિ પણ ભેગભેગી થવાની,—જેવા કે માનવ જાતિમા બન્ધુતા સાધનારા, એકીકરણ કરનારા, આત્મિક બળો આ બળો ભાષાના વ્યકિતવિકાસને પોષક થાય એમ સમન્વય સાધવો, અને ભાષાને પણ એ એકીકરણ સાધનારા આત્મિક બળોનુ સાધન બનાવવુ, એ તો પરમોત્તમ સેવા ગણાશે

ગુર્જર ભાષા તથા સાહિત્યનુ ઇતિહાસદર્શન

આપણી ભાષા તથા સાહિત્યની વિશુદ્ધિ જાળવવાની સાથે એ બેન સમૃદ્ધ કરવાનુ કર્તવ્ય આપણે શિર આવ્યુ છે એ બજાવવામા ખરો માર્ગ જાણવા માટે એ બનેની હાલની સ્થિતિ અને પૂર્વનો ઇતિહાસ સંક્ષેપમા જોઇ જવાની કાંઇક જરૂર લાગેછે આજ જે સ્થાને હુ ઊભો છુ તે સ્થાનના મ્હારા પૂર્વાધિકારિઓમાથી બે જણે આપણી ભાષા તથા સાહિત્યનુ ઇતિહાસદર્શન વિદ્વત્તાથી અને વિશાલ દૃષ્ટિથી કાંઇક વિસ્તૃત રૂપે કર્યુ છે, એટલ એના એ પ્રદેશમા સચરણ કરવુ હવે આવશ્યક કે ઇષ્ટ નથી માત્ર એ ઇતિહાસદર્શનની પૂરવણીરૂપે તેમ જ સ્વતન્ત્ર સક્ષિપ્ત રેખાલેખન રૂપે હુ થોડુંક કહી જઇશ

* "ભરતખડ માટે એક ભાષા" એ નિબન્ધ પૃષ્ઠ ક ૧૨, ક ૧૩, ત્રીજી સાહિત્ય પરિષદનો રિપાર્ટ જુવો

પ્રથમ ભાષાનો ઇતિહાસ તથા સ્થિતિ લઈશું આપણી ભાષા સંસ્કૃતમાંથી સર્વાંશે સાક્ષાત્ ઉતરી આવી નથી, વચલા ગાળામાં પ્રાકૃત, અપભ્રંશ, ઇત્યાદિ ક્રમોમાં થઈને હાલનું સ્વરૂપ ઘડાયું છે, એ સ્વરૂપમાં सस्कृतसम, सस्कृतभव, અને सस्कृतमिश्र એ ત્રિવર્ગ શબ્દોના સમૂહ સમાયાછે, ઇત્યાદિ સત્યોથી

ભાષા

વિદ્વાનો એટલા પરિચિત થઈ ગયા છે કે એ સર્વેની વિગતોમાં ઊતરવાની અને પુનરુક્તિ કરવાની કશી જરૂર નથી માટે અપભ્રંશથી જ આપણા સિંહાવલોકનનો આરમ્ભ કરિયે. અપભ્રંશ, મધ્યકાલીન અપભ્રંશ, અન્તિમ અપભ્રંશ (અથવા જે'ને ડૉકટર ટેસિટોરી જૂની પશ્ચિમ રાજસ્થાની કહે છે તે), આરમ્ભકાળની ગુજરાતી, મધ્ય ગુજરાતી, અને આધુનિક ગુજરાતી— એ ક્રમમાં આપણી ભાષાનો ઇતિહાસ, ચાલ્યો આવેલો જણાયછે આ સર્વ ભાષા-ક્રમોના સ્વરૂપદર્શક ઉદાહરણો તે તે કાળના સાહિત્યમાંથી ઉતારવાની જરૂર નથી. રા કેશવલાલ ધ્રુવના બીજી સાહિત્યપરિષદ્ વખતના પ્રમુખપદથી કરેલા ભાષણમાં, તેમ જ અન્ય વિદ્વાનોના જુદા જુદા લેખોમાં એ પ્રકારનું સ્વરૂપદર્શન થઈ ચૂકયું છે. તેથી આજ હું અન્ય માર્ગ પકડીશ તે તે સમયની ભાષાના ગુજરાતીના હાલ સૂધીના વિકાસ જોડે નિકટ સંબન્ધ રાખનારા વાગ્વ્યાપારના લક્ષણદર્શી સ્વરૂપોનું સંક્ષિપ્ત દર્શન જ હું કરી જઈશ

અપભ્રંશમાં પ્રવર્તતા મુખ્ય વાગ્વ્યાપાર'—

(૧) र કારનો (વિકલ્પે) લોપાભાવ,
આ તત્ત્વને લીધે સં प्रकट નો ગુજરાતીમાં 'પ્રગટ' એ શબ્દ રકાર-સહિત આવ્યોછે
(ટીપ:— ट નો ड અહિં નથી થયા, તેટલે અંશે આ શબ્દ સાક્ષાત્ તદ્ભવ ગણવામાં બાધ આવશે, કેમકે બીજાં રૂપાન્તરો પ્રાકૃત અપભ્રંશ-દ્વારા થયેલાછે તેથી ट નો ड ના થવા તે અપવાદસ્વરૂપ ગણવું ઠીક છે).
विक्रय-વકરો, आश्रय-આશરો,—એ પણ આ પ્રકારના ઉદાહરણો છે.

(૨) अभूतोऽपि क्वचित् (સિ હે. ૮-૪-૩૯૯) એ સૂત્રને આધારે र કારનો અકારણ ઉમેરો,
ઉદાહરણ.--સ. शाण ગુજ૦ સરાણ (श्राण એમ થઈ પછી વિશ્લેષ થઈ 'સરાણ',)
સ पक्ष-पक्ख પખુ,-પ્રખું, પરખુ, પડખુ.
સ कोटि-क्रोडि*—ક્રરોડ, (દસ લાખથી દસગણી સંખ્યા.)
સ. त्रुट्‌ઃ त्रुट्टो ત્રઠયો.

*ચેદીના નાનજિયાણીએ પ્રસિદ્ધ કરેલા 'ખોજાવૃત્તાન્ત'માં ખોજાઓના કેટલાંક પદોના નમૂના આપ્યાછે, ત્હેમાં (પૃષ્ઠ ૨૦૭ મે તથા ૨૧૧ મે) 'ક્રોડી'શબ્દ તેમ 'ક્રોડ' પણ છે એ પદોનો સમય સ્પષ્ટ ઉલ્લેખથી આપ્યો નથી

(ટીપ –આ र કારનો ઉમેરો અકારણ તો ખરો જ, પરંતુ કાંઈક સંસ્કૃતનો ભાસ આપવાનો લોભ એ પણ પ્રવર્તક કારણ હોય; એક દક્ષણી પાઘડી બાંધેલા ગુજરાતી પુરુષને પૂછ્યું કે ત્હમે હાળી પાઘડી કેમ બાંધીછે ? તો ઉત્તર મળ્યો.-"હમે અસલથી જ દ્રક્ષણી પાઘડી બાધિયે છિયે." આ ખરી બનેલી વાત પછી, પેલા ગામડાનો અભણ બ્રાહ્મણ સાસુ આગળ સંસ્કૃત ભણ્યાનો ડોળ બતાવવાને બોલ્યો હતો કે–"પ્રેલી પ્રીંટિયેથી અબ્રોટિયુ લ્રાવો" તે બનાવટી ઉપહાસવાર્તાનુ પ્રયોજન રહેતુ નથી)

(૩) (અનાદિ અસંયુક્ત) क નો ग,

સ. प्रकट નુ પ્રગટ, प्रकरण નુ પગરણ (ગુજરાતી), मुकुट નું મુગટ, द्यूतकार નુ જુગાર, रत्नाकर નુ રતનાગર, व्यक्ति નુ વિગત, ઇત્યાદિ.

(૪) लिङ्गमतन्त्रम् (સિ. હે ૮-૪-૪૪૫) એ સૂત્રની પ્રવૃત્તિ ગુજરાતીમા બહુ થાયછે —मित्र, उत्तर, पत्र, मुकुट ઇત્યાદી નપુંસકલિંગના ગુજરાતીમા મિત્ર, ઉત્તર, પત્ર, મુગટ ઇત્યાદિ પુલિગ શબ્દો થયાછે, वृक्ष સંસ્કૃતમા પુલિગ તે ગુજરાતીમા નપુસકલિગ છે, 'પાખ' સ્રીલિંગનુ સંસ્કૃત મૂળ पक्ष પુલિંગ છે, 'આખ્ય' સ્રીલિંગનુ સંસ્કૃતમા મૂળ अक्षि નપુસકલિગ છે, ઇત્યાદિ, ઇત્યાદિ

(૫) क પ્રત્યયનો બહુ છૂટથી ઉપયોગ, હેમા—

(क) क् નો લોપ, અને આ क પ્રત્યયને યોગે તથા લોપ થતા પુલિંગના શબ્દો (પ્રથમ એક વચનના રૂપના) ને અંતે अउ અને નપુસકમા अउं,

(ख) આ क પ્રત્યય ના લાગે ત્હારે પુલિંગ શબ્દોને અન્તે उ અને નપુસકને અન્તે પણ उं, (સિ હે ૮-૪-૩૩૧ ને આધારે અન્તે उ અને ૮-૪-૩૫૪ ને આધારે उं થાયછે).

(ग) આ क પ્રત્યયનો ઉમેરો કેવળ યદૃચ્છામૂલક ન હોઈ accent સ્વરભારને અનુસરીને હેનુ અસ્તિત્વ અથવા અભાવ જણાયછે, અન્તોદાત્ત શબ્દોને क પ્રત્યય લાગતો, અને બીજાને નહિ,

(घ) આ સ્થિતિને પરિણામે ગુજરાતીમા પુલિંગમા ઓકારાન્ત તેમ જ અકારાન્ત શબ્દો નજરે પડેછે, તેમ જ નપુસકલિંગમાં ઉંકારાન્ત તેમ જ અકારાન્ત શબ્દો જોઇયે છિયે–એ દ્વિધા સ્થિતિનુ સમાધાન મળેછે.

ઉદાહરણ —

પુલિંગ — घोटक घोडउ ઘોડો,
धवलक धवलउ ધોળો,
पादक पायउ પાયો,
मर्कटक मक्कडउ માકડો;
शब्द सद्दु સાદ,
मत्कुण मक्कुणु માકણુ.

નપુંસકલિંગ —
मृतक मडउ મડુ,
भाजनक भाणउ ભાણુ,
अगनक अगणउ આગણુ,

नयन नयणु નેણુ,
वचन वयणु વેણુ;
गृह घरु ઘર,
दुग्ध दुद्धु દૂધ

આ શિવાય કાનો, કાન, (સં कर्ण), ગાભો, ગાભ, (સં गर्भ), દાતો, દાત, (સં दन्त,) વાસો, વાસ, (સં वंश)- ઇત્યાદિ વૈકલ્પિક રૂપો ભિન્નાર્થ પ્રસંગે થાયછે ત્હા અર્થભેદે સ્વરભારનો ભેદ હશે એમ કલ્પના ઉપસ્થિત થઇ સકે એમ છે

આ સ્વરૂપ વિશે સવિસ્તર ચર્ચા મ્હે "ગુજરાતી ભાષાનું બંધારણ" એ વિષયના લેખમાં કરેલીછે ('વસન્ત' સંવત્ ૧૯૬૯ ચૈત્ર તથા જ્યેષ્ઠ, પૃષ્ઠ ૧૩૪–૧૩૬, તથા ૨૪૧–૨૪૭ જુવો)

(૬) अम्हारउ, महारउ, ઇત્યાદિ અપભ્રંશના રૂપો, काइं, कवण, ઇત્યાદિ આદેશો, विना નું विणु રૂપ, ઇત્યાદિ અપભ્રંશના અનેક રૂપો ગુજરાતીના હાલના શબ્દો જોડે નિકટ સંબન્ધી છે.

અપભ્રંશ પછીના અર્થાત્ મધ્યકાલીન અપભ્રંશનાં તથા અન્તિમ અપભ્રંશના ભાષા વિકાસના વિશિષ્ટ લક્ષણો જોઇયે —

(૧) સંયુક્ત વ્યંજન માંનો એક લુપ્ત થઈ પૂર્વ સ્વરનું દીર્ઘ થવું, ઉદાહરણ—कम्म-કામ, सप्प—સાપ, तिक्ख તીખું,—पुत्त—પૂત ઇત્યાદિ 'પ્રબન્ધચિન્તામણિ' (વિ સં. ૧૩૬૧) માં જે જે નમૂના દેખાયછે તે ભાષા આશરે સૈકા પૂર્વની રા કેશવલાલ ગણેછે. તો વિ. સં. ના ૧૩મા સૈકામાં હજી સંયુક્ત યથાવત્ રહેલો નજરે પડેછે बुद्दि, सक्कर, मक्कड, तिक्खा, हत्थ, ઇત્યાદિ રૂપો હેમાં હજી છે.
વિ. સં ના ૧૪ મા ૧૫ મા સૈકામાં આ સ્થિતિ બદલાઈ ઉપર કહેલો રૂપવિકાર નજરે પડેછે. મુગ્ધાવબોધ ઔક્તિક (વિ. સં ૧૪૫૦) માં નાચઇ, પાધરી, ઇત્યાદિ શબ્દો જોઇયે છિયે, 'વસન્ત વિલાસ' (વિ. સં ૧૫૦૮) માં मूकए, चूकए, दीठउ, लागी એ રૂપો દેખિયે છિયે, 'કાન્હડદે પ્રબન્ધ' (સં ૧૫૧૨) માં વાત, સાપ, લાગ, માગ, એમ શબ્દો જોઇયે છિયે.
ડૉક્ટર ટેસિટોરી કહેછે કે આ રૂપાન્તર ઈસવી સનના ૧૪ મા સૈકા (વિ. સં. ૧૩૪૪ થી પૂર્ણ થતા સૈકા)ની બહુ પૂર્વેથી શરૂ થયું હતું.

कहिज्जइ, भणिज्जइ ને બદલે कहीजे, भणीजे, એ રૂપો 'પ્રાકૃતપૈંગલ' નામના ગ્રન્થમા દેખા દેછે. પરતુ એ જ પડિત બતાવેછે તેમ 'પ્રાકૃત પૈંગલ'ની ભાષાનો સબન્ધ જૂની પશ્ચિમ રાજસ્થાની જોડે તો આડકતરો જ છે. એટલે ગુજરાતીની પૂર્વજ ભાષાઓમા કદાચ આ રૂપાન્તર કાઈક મોડુ થયુ સભવે કેમકે 'પ્રાકૃતપૈંગલ'ની ભાષાનો સમય ડો. ટેસિટોરી ઈ સ ના ૧૦ માથી ૧૨ મા સૈકામા મૂકેછે, અને આપણે 'પ્રબન્ધચિન્તામણિ'મા પ્રતિબિમ્બિત થયેલી વિ સ ના ૧૩ મા સૈકાની ભાષામા તો સયુકત વ્યજન કાયમ દીઠાછે.—આટલી વિશિષ્ટતા રાખીને કહેવાને બાધ નથી કે આ રૂપાન્તર અપભ્રશ અને પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના વચગાળામા બહુ વ્હેલું થયેલુ હેમા શક નહિ, વિ. સવત્‌ના ૧૪ મા સૈકામા તો એ થઈ ચૂકેલુ હોવાનો સભવ ઉપર આપણે દીઠાછે ડો ટેસિટોરી પણ જે ઉદાહરણો આપેછે તે ઈ સ ૧૫૦૦ થી ૧૬૦૦ (વિ સ ૧૫૫૬ થી ૧૬૫૬) ની અદરના ગ્રન્થોમાથી આપેછે

(૨) ઉપરના રૂપાન્તરને મળતુ જ બીજુ રૂપાન્તર અનુસ્વારની શિથિલતા અને પૂર્વ સ્વરની દીર્ઘતાનુ છે. ઉદાહરણ —वक्र—વાકુ; मज्झा—સાઝ, दन्त—દાત, सिंचइ—સીચે, मुंडइ—મૂડે, ઇત્યાદિ

આ રૂપાન્તરની સમયમર્યાદા ઉપર કહેલા સયુકતલોપની સાથે સાથે જ છે સ. ૧૪૫૦ માનુ 'મુગ્ધાવબોધ' वाकुडा ઉકિત કહેછે, સ ૧૫૦૮ નુ 'વસન્તવિલાસ' वाकुडी શબ્દ પ્રયોજેછે. (આ ગ્રન્થોની ભાષા પોતાની રચ્યા સાલ કરતા પચાસ સો વર્ષ પૂર્વની સ્થિતિ દર્શાવેછે એ ધારણે જ ચાલિયે છિયે)

(૩) **અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ** —

ઉદાહરણ —उपविशति—उवविसइ—उवइसइ—बइसइ—बइसइ—બેસે

[ટીપ —શાસ્ત્રી વ્રજલાલે તેમ જ કેટલાક આધુનિક વિદ્વાનોએ विशति ઉપરથી 'બેસે' એમ વ્યુત્પત્તિ કાઢીછે તે આ પૃથક્કરણ જોયા પછી ત્યાજય ગણાશે એમ આશા છે.]

अपत्य—अवच्च—वच्च—બચ્ચુ,

अस्ति-*अच्छइ—अछइ—છઈ,—છે,

अन्यत्—अण्ण—अनइ—नइ—ने,

अरघट्ट —अरहट्टो—રહેટ

ઇત્યાદિ

---

* ડો૦ ટેસિટોરી પિશ્ચલનો આધાર લઈને ऋच्छति ઉપરથી अच्छइ—अछइ ઉપજાવેછે, (The Indian Antiquary, April 1914, p 56), પરતુ 'પ્રાકૃતપ્રકાશ', પરિચ્છેદ ૧૨, સૂત્ર ૧૯ પ્રમાણે શૌરસેની'મા अस् ધાતુનો अच्छ आદેશ છે

વિ સ ૧૩૪૮ માના આમનેરા (રજપૂતાણા) માના એક શિલાલેખમા अरहट શબ્દ (રહેંટવાળો કૂવો એ અર્થમા) છે.* તે ઉપરથી કદાચ જણાય કે આ વિકાર એ સમયમા હજી પ્રવૃત્ત થયો નહિ હોય વિ. સંવત્ ૧૪૦૦ ની પછી આ લોપ પ્રગટ થાયછે મેરુસુન્દરના 'પુષ્પમાળ પ્રકરણ' (પ્રતસાલ સ ૧૫૨૯ એટલે રચ્યા સાલ ૧૪૦૦ ને ૧૫૦૦ ની વચ્ચે સભવે તે) પુસ્તકમા 'બઇઠું' રૂપ નજરે પડેછે,

'મુગ્ધાવબોધ ઔક્તિક' (સ. ૧૪૫૦) મા 'છઇ' તેમ જ 'અનઇ' એ રૂપો છે,

'વસન્તવિલાસ' (સ ૧૫૦૮)મા 'બઇઠ' રૂપ છે,

'કાન્હડદે પ્રબન્ધ' (સ ૧૫૫૨)મા 'છઇ' તેમ 'અછઇ,' 'નઇ' તેમ જ 'અનઇ,' તથા 'બઇસઇ'—એ રૂપો છે,

કર્મણમન્ત્રીકૃત 'સીતાહરણ' મા 'નઇ' રૂપ (=અનઇ) છે.

આમ આ અસ્વરિત પ્રથમ શ્રુતિનો લોપ વિ સ. ૧૪૫૦ ની પૂર્વે શરૂ થઈ ચૂકેલો તે પછી ચાલ્યો આવ્યોછે

મરાઠીમાં સસ્કૃત उपरि નુ પ્રાકૃત उवरि દ્વારા वर થયેલુ છે તે પ્રાચીન મરાઠીમા પણ वर અથવા वरि જ માલૂમ પડેછે; તેથી લાગેછે કે આ પ્રથમશ્રુતિલોપનું તત્ત્વ મરાઠીના આરમ્ભ કરતા પ્રાચીન હોય પરતુ આ માટે વધારે અન્વેષણની જરૂરછે

(૪) 'છે' (પ્રાચીન 'છઇ') હેનો સ્વતન્ત્ર ક્રિયાપદ મટી ઉપક્રિયાપદ તરીકે ઉપયોગ,

વ્રજલાલ શાસ્ત્રી કહેછે† કે સવત્ ૧૪૦૦ ના સૈકા પછી ગુર્જર ભાષામા આ સ્વરૂપ પેઠુ છે, તે પૂર્વે નજરે પડતુ નથી. करोति નુ અપભ્રશ करइ થયુ ત્હેમા વર્તમાનકાળનો ભાવ પૂર્ણ બળથી બતાવવાની શક્તિ કાલક્રમે જતી રહીને વધારાનું છઇ (છે) ઉમેરાઇ 'કરઇ છઇ' એમ પ્રચાર થયો, તે હાલ તો સર્વત્ર વ્યાપેછે

આ સ્વરૂપ વિ. સ. ૧૪૦૦ પછી બહુ મોડુ પ્રવેશ પામ્યુ હશે એમ લાગેછે ભાલણ (વિ સ ૧૪૯૫ પછી નો અર્થાત્ ૧૫૦૦ પછીનો કવિ) 'દીસિછિ' રૂપ ('કાદમ્બરી'માં) વાપરતો જણાયછે. 'કાન્હડદેપ્રબન્ધ' ઇત્યાદિક વિ. સ. ૧૫૦૦ ની આસપાસના ગ્રન્થોમાં 'છઇ' નો ઉપક્રિયાપદ તરીકે ઉપયોગ નજરે પડતો નથી વિ સ ૧૭૦૦

---

* Report of the Archæological Survey of Western India, Assistant Superintendent's Report, para 45, at page 52

† "ઉત્સર્ગમાળા" (ઈ. સ ૧૮૭૦) પૃષ્ઠ ७४

પછી એ ઉપયોગ વિશેષ જણાયછે. આ વિશે વધારે ધીરજથી તપાસ કરીને પછી નિશ્ચિતતા થાય પરતુ એટલુ તો ખરુ કે વિ સ ૧૫૦૦ ની પણ પછી આ પ્રકાર ચાલૂ થયેલો

હવે **અન્તિમ અપભ્રશ પછીના** સમયની ભાષાનાં મુખ્ય વિશેષક સ્વરૂપો જોઇયે.,—

(૧) અઇ અને અઉ એ વિશ્લિષ્ટ સ્વરોના જોડકાનુ 'એ' અને 'ઓ'મા રૂપાન્તર,

ઉદાહરણ —'કરઇ' નુ' 'કરે', 'ઘોડઉ'નુ' ઘોડો, ઇત્યાદિ

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ સોધનારને તરત જણાશે કે આ અઇ–અઉ વાળા રૂપ બહુ જ લાબા કાળ સુધી ટકી રહી છેક સવત્ ૧૭૦૦ સુધી ચાલ્યા આવ્યા હતા, અને તે પછી પણ ઇ–ઉ એમ રૂપ લાબો વખત સુધી રહ્યા સવત્ ૧૭૫૦ પછી 'એ' અને 'ઓ' એ રૂપાન્તર થયેલા લાગેછે.

સવત્ ૧૫૯૯ મા લખાયલા અમદાવાદના 'ગ્રહણકપત્ર' (ઘરેણાખત)મા 'એણઇ,' 'છોડવઇ,' 'છુટઇ,' ઇત્યાદિ સખ્યાબન્ધ રૂપો 'અઇ' જેવા વિશ્લિષ્ટ સ્વરોનો પ્રચાર ત્યહા સુધી ચાલૂ હોવાની સાક્ષી પૂરેછે, જો કે સવત્ ૧૫૮૨ નો 'સ્વમાધ્યાય'' 'બિહિ' 'પાવીઇ,' 'ઉપજિ,' 'તરિ,' 'આવિ,' ઇત્યાદિમા ઇકારમા રૂપાન્તર થયાની ક્રિયા પણ શરૂ થયેલી સૂચવેછે. સવત્ ૧૬૦૦ પછીના દસ્તાવેજો વગેરે 'માથિ,' 'છિ,' 'બિહિ,' ઇત્યાદિ રૂપોથી અકિત છે, સંવત્ ૧૭૨૮ ના દસ્તાવેજમા પણ 'બિહિ' રૂપ છે સવત્ ૧૭૫૦ પછી લખાયલા ગ્રન્થોમા* 'ચિતવે,' 'કહેશે,' દેશતણા,' 'તેને,' 'તેનો,'' 'કરયો,' 'કર' ઇત્યાદિ રૂપો લહિયાઓએ કરેલુ ભાષાનુ રૂપાન્તર સૂચવવાની સાથે એ પણ સૂચવેછે કે તે સમયમા અઇ–અઉ ને બદલે એ–ઓ એમ રૂપ રૂઢ થઇ ગયેલા માટે સવત્ ૧૭૫૦ ની સાલની મર્યાદા આ રૂપાન્તર માટે રાખવાને બાધ નથી

અઇ–અઉ અને એ–ઓ એ રૂપોની વચ્ચેનો અવાન્તર ક્રમ ઇ–ઉ નથી, કરઇ અને કરે–એ રૂપોની વચ્ચે કરિ એ રૂપ નથી; વાગવ્યાપારની દૃષ્ટિયે તો નથી જ, તે દૃષ્ટિયે તો અય્–અવ્ એ ક્રમ આવેછે, જે વિશે મ્હે અન્યત્ર ચર્ચા કરીછે (The Indian Antiquary, January 1915, pp. 17–19) પરતુ સાહિત્યમા ઇતિહાસ-દૃષ્ટિયે પણ કરિ-બિહિ એ નમૂનાને વચલો ક્રમ માનતે અચકાવુ પડે એમ છે કેમકે વાગવ્યાપાર દૃષ્ટિયે જોતા એ–ઓ તે અઇ અઉ ઉપરથી જ (અય્–અવ્ દ્વારા) આવે આ કારણથી લાગેછે કે અઇ–અઉ રૂપ ઇ–ઉ ના સમયમા પણ છેક વિલુપ્ત ન થતા સમાન્તર અથવા આગળ પાછળ ચાલતા હોવા જોઇયે આ વિશે તે સમયના લખાણોમા હજી વિશેષ તપાસની જરૂર છે પરતુ ઉપર દર્શાવેલા તત્ત્વને બાધ આવવાનો ભય રાખવાનુ કારણ નથી.

* નમૂના "ગુજરાતી ભાષાનો ઇતિહાસ" (વ્રજલાલ શાસ્ત્રીકૃત) પૃ ૬૬–૬૭ મા જુવો

(૨) અનન્ત્ય હ્રસ્વ ઇ-ઉનું અકારમાં રૂપાન્તર,

ઉદાહરણ —વિણુ-નુ વણ (=વિના), 'ચિણુઇ'–નુ 'ચણે'; 'લુણઇ'નુ 'લણે', 'તિલ'નુ 'તલ', 'લિખઇ'નુ 'લખે'; 'મિલઇ'નુ 'મળે', ઇત્યાદિ

આ રૂપાન્તર માટે પણ ઉપરના રૂપાન્તરની સમયમર્યાદા વિ. સ. ૧૭૫૦ અને તે પછીની ઠરાવી સકાય એમ છે સ. ૧૭૦૦ પછીના સમયમા પણ ઇ-ઉ નજરે પડેછે. સવત્ ૧૭૩૨ મા રચાયલા 'પાણ્ડવાશ્વમધ' નો કર્તા પોતાનુ નામ 'તુલસી' કરીને લખેછે

[ટીપ — મરાઠીમા હજી સૂધી પણ આ વિકાર નથી; એ ભાષામા તો 'તલ'ને બદલે તિળ (तीळ) ઇત્યાદિ જ છે* આ કારણથી, તુલસીદાસનુ તલસીદાસ, મુકુન્દજીનુ મકનજી, શિવજીનુ શવજી—જેવા રૂપોને આગળ ધરીને गुर्जराणा मुख भ्रष्टवाळो શ્લોક ગુજરાતી ભાષાનો ઉપહાસ કરવા માટે કોક મહારાષ્ટ્રવાસીએ ઘડેલો રૂઢીપ્રવાહમા આરૂઢ થઈ પ્રાચીનતાનો ખોટો ભાસ આપનારો થયોછે. ઇકાર ઉકારના આ રૂપાન્તરનો વ્યાપાર ગુજરાતીમા હાલ પણ વિશેષ નામમા તો અસસ્કારી વર્ગમા નજરે પડેછે, અને વિચાર–ગુલાબ, ઇત્યાદિને બદલે વચાર–ગલાબ, ઇત્યાદિ પણ તે જ વર્ગના પ્રયોગો છે, વળી રૂઢ-શિષ્ટ ગુજરાતીમા ચણવુ, તલ, ઇત્યાદિ રૂપો પણ સંવત્ ૧૭૫૦ ની પૂર્વે જડે એમ નથી, આ સર્વ વિચારતા ગુર્જરાનુ મુખ ભ્રષ્ટ થયાનો ઉપહાસ પાછલા દોઢસો વર્ષની બહુ અદર જ પ્રગટ થયેલા ગણાશે, કેમકે એ રૂપો બહુ રૂઢ થઈ જાય તે પછી ઉપ-હાસનો વિષય બને, અને તેમ થવાને પચાસ વર્ષ તો જોઇયે]

આ શિવાય બીજા સ્વરૂપો પણ છે, તે ડૉકટર ટેસિટોરીએ બતાવ્યા છે† વ્હેમા ત્રણ ધ્યાન ખેચનારા છે —

(૩) સ નો ઇ અથવા યના સપર્કથી શકાર, ઉદા –બેશીને (બેસ્+ઈને), ઇત્યાદી,

(૪) લ નો ળ, મળવુ, દળવુ, ઇત્યાદિ

(૫) સહાભેદના ઇયઇને બદલે આય પ્રત્યય, કરિયઇ ને બદલે–'કરાય'

(૩) બિશિ–જેવા રૂપ સવત્ ૧૫૫૭ મા ('ભુવન દીપક'–ના ભાષાન્તરમા) નજરે પડેછે, પણ વ્હેમા સાથે સાથે 'જોસી' પણ છે સ્થિરતા પામીને સ નો શ થયાનો સમય તો સવત્ ૧૭૫૦ પછી જ ગણી સકાશે

(૪) લ નો ળ બોલાતા છતા લખાતો હતો ળ–એ સ્થિતિ છેક પાછલા પચાસ વર્ષ ઉપર સૂધી હતી, તેથી ળ કાર ઉચ્ચારનો આરમ્ભ ગુજરાતી

---

* એક અપવાદ છે — पुळन (स पुलिन ઉપરથી). વખતે આ કોકણી ભાષાના સંપર્કનુ ફળ હશે

† The Indian Antiquary, February 1914, p 25

માં ક્યહારે થયો તે કહેવુ કઠણ છે. હેમચન્દ્રે લોળ એમ સૂત્ર પૈશાચી ભાષા માટે આપ્યુ છે. તે અહિ કામ નહિ આવે; એમ તો વૈદિક સસ્કૃતમા પણ ळ હતો. ડૉ૦ ટેસિટોરી તર્ક કરેછે કે ળકારનો પ્રચાર પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીના જૂના આરમ્ભકાળમાથી શરૂ થયો હશે. તો પછી આ સ્વરૂપ ગુજરાતીને જૂની પ્રાચીન રાજસ્થાનીમાથી પૃથક્ પાડવાનુ લક્ષણુ કહેવાશે નહિ. પરતુ હાલની મારવાડીમા ળ કાર નથી પણ લ કાર ઉચ્ચાર છે, અને હાલની ગુજરાતીમા ળકાર ઉચ્ચાર છે, તે જોતા, ળકારનો આરમ્ભ મોડો જ મૂકવો યોગ્ય લાગે છે. ડૉ૦ ટેસિટોરીના તર્કને માટે આધાર શો હશે તે ખબર નથી પડતી

આ જરાક અણુધાર્યા લબાણુવાળા સ્વરૂપદર્શન ઉપરથી ગુજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખા નીચે પ્રમાણે આકી સકાશે.—

[અપભ્રશ—વિ. સવત્ ૯૫૦ સુધી.]

મધ્યકાલીન અપભ્રશ—વિ. સવત્ના ૧૩ મા સૈકા સુધી,

અન્તિમ અપભ્રશ (= ડૉ૦ ટેસિટોરીની જૂની પશ્ચિમ રાજસ્થાની) —વિ સવત્ના ૧૩ મા સૈકાથી સવત્ ૧૫૫૦ સુધી,

આરમ્ભ કાળની ગુજરાતી—સવત્ ૧૫૫૦ થી સવત્ ૧૬૫૦ સુધી,

મધ્ય ગુજરાતી—સવત્ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધી.

આધુનિક ગુજરાતી—સવત્ ૧૭૫૦ થી પછી

આ સમયરેખાઓ દૃઢ મર્યાદાથી આકેલી નથી એ કહેવાની જરૂર જ નથી, કેમકે સુજ્ઞોને વિદિત જ છે કે ભાષાના પ્રવાહને વચમા વચમા ભીંત્યો બાધીને ગોઠવાય નહિ, હેમા તો એક સ્વરૂપમાથી અન્યસ્વરૂપમા સક્રમણ પ્રકૃતિના જીવનવ્યાપારને અનુકૂળરીતે અણુદીઠુ થયે જાયછે, અને તેથી કરીને એક સમયના સ્વરૂપો કવચિત્ અન્ય સમયમાં પણ કેટલોક કાળ શોભી રહેતા, રઝળતા નજરે પડેછે

બીજી એક વાત ધ્યાન ખેચનારી છે. આધુનિક ગુજરાતી સ્થિરતા પામી તે પૂર્વના સમયમા ભાષાના શબ્દોનાં રૂપો અન્તર્ગત બધારણુમા નવા નવા વિકાર પામતા હતા, અને તે સમયસુધી ભાષાનો સ્વરૂપવિકાસ અન્તર્ગત બધારણુને હતો એ સ્થિતિ આધુનિક ગુજરાતીના સમય પછી બદલાઈછે. હવે અન્તર્ગત બધારણુમા ફેરફારનો પ્રસગ નથી. (ઉચ્ચારાનુસાર જોડણી પ્રમાણે લખવાની પદ્ધતિથી ભ્રમમાં પડવાનુ કારણુ નથી, કેમકે વસ્તુત ઉચ્ચારસ્વરૂપ તો ભાષામાં છે જ, અને પ્રાચીન સમયમા ઉચ્ચાર અને આકાર વચ્ચે ભેદ રાખવામાં આવતો ન્હોતો) હવે તો નવા શબ્દો અન્ય ભાષામાથી આણુવાનો, નવા વિચારને પ્રતિબિમ્બ આપવાને સમર્થ શબ્દો યોજવાનો, નવી વાક્યઘટનાના સ્વરૂપો ઉપજાવવાનો સમય છે. અર્થાત્ ભાષાના શબ્દોનુ બધારણુ તો

સ્થિરતા પામ્યુ લાગેછે પ્રાચીન અને આધુનિક સ્થિતિ વચ્ચે આ ભેદના અનેક કારણો છે. પ્રાચીન સમયમાં દેશમાં રાજકીય ફેરફારો અનેક હતા; લખવાની, છાપવાની, સાહિત્ય પ્રચારવાની, અનુકૂળતાઓ નહોતી, લોકોના ઉચ્ચાર ઉપર અકુશનાં હાલના જેટલાં સાધનો ન્હોતા, ઇત્યાદિ અનેક બળોના સકુલ વ્યાપારનુ ફળ શબ્દોના અન્તર્ગત બધારણમા ફેરફાર થવામા પ્રગટ થતુ હતુ હાલ તે સ્થિતિ નથી એટલે શબ્દસ્વરૂપો તો સ્થિરતા પામી ચૂક્યાંછે એમ કહી સકાય ખરુ.

હાલની સ્થિતિમા તો બીજો ક્ષોભકર પ્રકાર પેઠોછે એ પ્રકારના પરિણામમા આધુનિક ગુજરાતી ખદખદતા ખીચડા જેવી બનીછે, તે શબ્દના આન્તર સ્વરૂપમાં નહિ પણ શબ્દસમૃદ્ધિમા અને કાંઈક અંશે-વ્યાકરણસ્વરૂપમા સસ્કૃતમય ગુજરાતીનો મોહ, પારસી ગુજરાતીના અને મુબાઈની ખીચડિયા ભાષાના અનિષ્ટ અશનો આદર, ઇત્યાદિ પ્રકારોને લીધે ભાષાની વિશુદ્ધિને ક્ષોભકર સ્થિતિ ઉત્પન્ન થઈછે એ સ્થિતિને સારે માર્ગે શી રીતે દોરવી તે પરિષદ્નું એક ચિન્તનકાર્ય છે

નરસિંહ મીરાં વગેરેના સમયની વ્યાપક ભાષા

એક બીજી વાત લક્ષમા આવશે ઉપરની ઇતિહાસ ચર્ચાથી સહજ જણાઈ આવશે કે મીરા રજપૂતાણામા ઉત્પન્ન થઈ, રહી, હેણે કવિતા કરી, વળી સૌરાષ્ટ્રમા આવી વશીને કવિતા કરી,-આમ રજપૂતાણાની આ કવિભક્તાણીના પદો ગુજરાતના લોકો શી રીતે સમઝી સકયા હશે ? આ શઙ્કાનો ઉત્તર તે સમયમા ગુજરાત કાઠિયાવાડ રજપૂતાણા એ વિશાળ પ્રદેશમા વ્યાપક એક ભાષા હતી એ સ્થિતિથી મળેછે 'કાન્હડદેપ્રબન્ધ'ની ભાષા, હેના કવિનો જાલોરમા રાજકવિ તરીકે નિવાસ, ઇત્યાદિનુ સમાધાન પણ આ સ્થિતિથી મળેછે આ ખુલાસો પૌષ ૧૯૭૦ ના 'વસન્ત'મા (પૃ ૬૪૮ મે) મ્હે સૂચવેલો, તેને ફેબ્રુઆરી ૧૯૧૪ ના Indian Antiquary માના લેખમા ડૉકટર ટૅસિટોરીએ અણધારી પુષ્ટિ આપીછે. જે કલ્પના મ્હે ઇતિહાસ અને સાહિત્યના સ્વરૂપને આધારે ઉપસ્થિત કરી હતી તે જ અનુમાન ઉપર એઓ જૂના હસ્તલેખોની પરીક્ષાદિકથી સ્વતન્ત્ર રીતે આવ્યાછે. હેમણે તે ઉપરથી એમ પણ સાબીત કર્યું છે કે-નરસિંહ મ્હેતાની કવિતા 'કાન્હડદે પ્રબન્ધ'ની ભાષામા જ રચાઈ હશે, અને કાલાદિક સગતિને બળે આધુનિક રૂપમા આપણી કને આવીછે. વિસ્તાર થાય તેથી હેમના શબ્દો અહિ ઉતાર્યાં નથી. ડૉ ટૅસિટોરીએ જુદા પ્રકારે સાબીત કરેલી વાત પૂર્વે પણ પડિતોએ સ્વીકારેલી હતી. નવલરામભાઈ હેમના " ગુજરાતી ભાષાનુ ઐક્ય " નામના લેખમા લખી ગયાછે કે—

" આશરે સાતસેં આઠસે વર્ષ ઉપર જોઈશુ તો માલમ પડશે કે આપણું ભાષા-ઐક્ય હાલ છે તેથી પણ બહુ જ વધારે હતુ. એ સમયના ગ્રન્થો અને પ્રાકૃત ભાષાના અર્વાચીન શોધકોના કહેવાથી સાબીત થયુ છે કે, એક વખત ઉપર ગુજરાતમાં જ નહિ પણ પજાબ, સિન્ધ, કચ્છ, મેવાડ, મારવાડ, વ્રજ, ખાનદેશ, ઉરિયા અને ઠેઠ બગાળા સુધી લગભગ એક સરખી જ ભાષા બોલાતી હતી. ''

આ જરાક અતિ વ્યાપક સ્થિતિકથનને સકોચ આપવો પડે એમ છે, અને તે સકોચ

જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષાના વિસ્તારક્ષેત્રને ડો ટેસિટોરીએ આપ્યો છે તે ઉપરથી જણાશે. વાત ખરી એમ છે કે નવલરામભાઈએ ઉલ્લેખ કરેલી વ્યાપક ભાષા તે સામાન્ય રૂપે પ્રાકૃત ભાષા હતી, ત્હેના વિભાગ માગધી, શૌરસેની, ઇત્યાદિ હતા જ, અને ડૉ. ટેસિટોરીના અવલોકનનો વિષય તો રાજસ્થાન અને ગુજરાત (તળ તથા સૌરાષ્ટ્ર) મા વ્યાપક રૂપે પ્રવર્તતી અન્તિમ અપભ્રશ (જૂની પશ્ચિમ રાજસ્થાની) ભાષા તે હતો.

આ સર્વ અવલાકન પછી જણાશે કે ડૉ ટેસિટોરીએ કરાવેલા દર્શન પછી હવે અત્યાર સૂધી પાડેલા ગુજરાતી ભાષાના યુગવિભાગમા થોડોક ફેરફાર કરવો પડશે. એ ફેરફારની દિશા મ્હે ઉપર બતાવેલી સમયરેખાઓમા બતાવીછે અગાઉ મ્હે એ યુગવિભાગમા થોડોક ફેરફાર સૂચવ્યો જ હતો* ત્હેમા વધારે પેટાવિભાગ ઉમેરીને વિશિષ્ટ ભાષાલક્ષણોને આધારે અહિ પાચ વિભાગ મ્હે પ્રગટ કર્યા છે. સર જૉર્જ ગ્રીઅર્સને Linguistic Survey of India, Vol IX, Part, II, Rajasthani and Gujarati મા પૃષ્ટ ૩૨૭ મે મુગ્ધાવબોધની ભાષાને ગુજરાતી કહી સકાય એમ કહ્યુછે, અને અર્વાચીન ગુજરાતી સાહિત્ય નરસિહ મહેતાની કવિતાથી શરૂ થાયછે એમ કહ્યુછે, તેમજ The Imperial Gazetteer of India—New Edition, Vol 2nd ને પૃ ૪૩૦ મે કહ્યુછે કે ગુજરાતીનુ સાહિત્ય છેક ૧૪ મા સૌકાથી ચાલી આવ્યુછે; તે વિશે મ્હે ઘણા કાળથી સશય ચિહ્નનો નોધ અન્ય પ્રમાણને આધારે કરી હતી, અને આજ કહી સકાય એમ છે કે ડૉ૦ ટેસિટોરીએ સાબીત કરેલી સ્થિતિ જોતા સર જૉર્જ ગ્રીઅર્સનના આ વચનો ફેરવવા પડશે

ગુજરાતી સાહિત્યનુ ઇતિહાસદર્શન

હવે આપણા સાહિત્ય તરફ નજર નાખિયે આ સાહિત્યના બે સ્થૂલ સમય વિભાગ કરીશુ, (૧) ઈ. સ. ૧૮૫૦ (વિ સ ૧૯૦૬) પૂર્વેનુ સાહિત્ય, અને (૨) તે પછીનુ સાહિત્ય પ્રથમ વિભાગમા આવનારા સર્વ કવિયો પાશ્ચાત્ય સપર્ક પૂર્વેના અથવા એ સપર્કના પરિણામથી અસ્પૃષ્ટ સસ્કારવાળા આવશે, અને બીજા વિભાગમા તે સપર્ક પછીના અને વધતા ઓછા પ્રમાણમા અને સ્વરૂપમા સપર્કના સસ્કારવાળા કવિયો તથા ઇતર લેખકો આવશે. પ્રથમ વિભાગના કવિયોની કવિતા વિશે અત્યાર સુધી એટલી બધી ચર્ચા થઈ ગઇ છે કે સર્વ વિદ્યારસિક જન એથી પરિચિત છે તેથી એ ખેડાયેલી ભૂમિ ફરીથી ખેડવામા શ્રમ અને સમયનો વ્યય કરીશુ નહિ, માત્ર એ કવિતાના સ્વરૂપના સ્થૂલ વિભાગો અને રૂપરેખાનુ સ્મરણ કરી જઈશુ. સરળતા માટે પ્રથમ વિભાગના સાહિત્ય, કવિતા, અને કવિયોને પ્રાચીન એ વિશેષણ આપીશુ અને બીજા વિભાગનાને અર્વાચીન કહીશુ (આ વિશેષણો આ ચર્ચા માટે જ વાપર્યા છે, પાછળ થઈ ગયેલી ભાષાદિકના ઇતિહાસની ચર્ચાને તે લાગૂ પાડવાના નથી).

---

* ‘વસન્ત’ સવત્ ૧૯૭૦ કાર્તિક

પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય વચ્ચેના ભેદ.

પ્રાચીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્ય વચ્ચે એક ભેદ સાહિત્યશરીરને સમ્બન્ધે છે, તે એ કે પ્રાચીન સાહિત્ય પદ્યમય જ છે, ગદ્ય અપવાદ રૂપે નજરે પડેછે; અને અર્વાચીનમા ગદ્ય તથા પદ્ય બંને સમતોલ છે. પ્રાચીન ગદ્યના છૂટા છવાયા અપવાદરૂપ દાખલા અલ્પ જ છે. એ ગદ્ય સવત્ ૧૪૮૧ થી સવત્ ૧૬૪૩ સૂધીમા છુટક છુટક છે.* આ સર્વે નમૂના ગદ્યસાહિત્યનુ નામ આપવા જોગ નથી, "વૈશાખ સુદિ લૂણુદાન ન દીજઈ," હેવાં બોધના છૂટક વચનો, અથવા તો 'છાસિસઉ પાકઉ બીલુ પીજઇ હરસ જાઇ,' હેવા ઓસડના ટૂચકા, ઇત્યાદિ તૂટક વાકયો, અથવા તો "વિપુલ વિસ્તીર્ણ પુલક યે રોમાચ તીણિ સહિત છિ પૃથુ કહિતા ઘણૂ વેપથુ યે ધૂજવુ," હેવી ટીકાના વાકયો, બહુ ભાગે છે, કવચિત્ માત્ર વાર્તાનુ ગદ્ય છે "પાડલિપુર નગર તિહાં નદનઉ શત્રુ ચદ્રગુપ્ત રાજા તેહનઉ પ્રધાન ચાણિકય પ્રતિબિમ્બ થકઉ રાજ્ય ભોગવઇ"–ઇત્યાદિ, શુકબોહોત્તરી (વિ. સ ના ૧૫ મા સૈકાની) વાર્તાનુ ગદ્ય, ઇત્યાદિ. નરસિહ મહેતાના સમયનુ 'ગદ્ય-રામાયણ' તે પણ કથાગ્રન્થ તરીકે અપવાદમા મૂકાશે આ ગદ્ય તે પ્રાચીનસાહિત્યના વિશાળ પદ્યસિન્ધુની સરખામણીમાં ખાબોચિયા જેવુ છે

અર્વાચીન ગદ્યનો આરમ્ભ સવત્ ૧૮૮૪ (ઈ. સ ૧૮૨૮)મા બાપુશાસ્ત્રીકૃત 'ઇસપનીતિ' (ભાષાન્તર–મરાઠી ઉપરથી કરેલા)થી થયો. કવિ નર્મદાશકર આ સ્થિતિ-વિશે કહેછે—"સસ્કારકાળનુ પ્રભાત સવત્ ૧૮૮૦ પછી થવા માડયુ" ગુજરાત વર્નાકયુલર સોસાઇટીની સ્થાપના (ઈ સ ૧૮૪૮=સવત્ ૧૯૦૪), તે અગે બુદ્ધિપ્રકાશ ચોપાનિયાનો ઉદ્‌ભવ (ઈ સ. ૧૮૫૩=સંવત્ ૧૯૦૯), 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા'ની સ્થાપના (ઈ સ ૧૮૫૧=સવત્ ૧૯૦૭), અને તે સભાનુ 'બુદ્ધિવર્ધક' માસિક (ઈ સ. ૧૮૫૬=સવત્ ૧૯૧૨), ઇત્યાદિ, અને કેવળણી ખાતાની ઉત્પત્તિને અગે રચાયલા પુસ્તકો, વાચનમાળા, ઈત્યાદિ સસ્કારસાધનો નવીન રૂપના પ્રવેશ પામતા ગુજરાતી ગદ્યની ઉત્પત્તિ થઈ. નવલરામભાઇયે આ બુદ્ધિવર્ધક સભાના આદ્ય પ્રમુખ રણછોડદાસ ગિરધરભાઇને † "ગુર્જરી ગદ્યના પિતા" કહ્યાછે, અને તે યથાઘટિત જ છે તે હેમની ગુર્જરગિરાની સેવાથી વાકેફ માણસો કબુલ કરશે ‡ હેમના પૌત્ર પણ આ સમયને અનુરૂપ ગુર્જર ગદ્યની સેવા કરેછે, અને આપણી આ પરિષદ્‌ના કાર્યમાં ધુર્ય ભાગ લેછે તે સરસ્વતીદેવીના ભકતોને એક આર્દ્ર આનન્દનુ કારણ બને એમ છે.

પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય વચ્ચે બીજો ભેદ સાહિત્યના વિષયસ્વરૂપને અગે નજરે પડેછે. પ્રાચીન સાહિત્યમા નરસિહ, મીરા, ભાલણ ઇત્યાદિક મ્હોટે ભાગે ધર્મ, ધર્મના સપર્કનો કૃષ્ણ લીલાનો શૃઙ્ગાર ઇત્યાદિ વિષય ચર્ચેછે, ભાલણ 'કાદ-

* તે પાછીના એક બે નમૂના 'નર્મકોશ,'ના ગુજરાતી ભાષા વિશેના પ્રકરણમા છે પણ હ્રેનો સમયનિર્દેશ નથી, ૧૯ મા સૈકાના વિભાગમા મૂકયાછે.

† નવલ ગ્રન્થાવલિ ભાગ ૩ જો, પૃષ્ઠ ૩૧, છેલ્લો પેરેગ્રાફ

‡ એ સેવાનો ટૂંકો સાર 'સાઠીનુ સાહિત્ય" પૃષ્ટ ૪૬ મે મળી સકશે

મ્બરી' જેવી રસપૂર્ણ કથાને કાવ્યરૂપમા રસમય બનાવેછે, જૈન કવિયો રાસાઓમા કથાઓ ગૂથેછે, પાછળના કવિયો પ્રેમાનન્દ જેવા આખ્યાનો પુરાણુ કથાઓ ઇત્યાદિ ગાયછે, સામળ કલ્પિત વાર્તાઓને નવીન માર્ગમા જ દોરેછે, દયારામ શૃઙ્ગાર રસને પોતાની મોહક ભાષાશૈલીથી આકર્ષકરૂપ આપેછે, તેમ જ ભક્તિ વૈરાગ્યની પણ કવિતા ગાયછે; અન્ય કવિયો બોધપરાયણ (didactic) પદ્યો, ચાબખા, ઇત્યાદિ વડે ધર્મ, નીતિ, વગેરે વિષયોને અગીકૃત કરેછે,—આમ પ્રાચીન સમયનો સાહિત્યસમૂહ એક જુદા ખડમા મૂકાય હેવો છે, ત્હારે અર્વાચીન સાહિત્ય આ પાછલા વિષયને લગભગ છોડી જ દઈને નવીન દિશા તરફ જ વલણુ લછે, ત્હેમા પણુ દલપતરામ અને નર્મદાશકરના સમયનું સાહિત્ય એક વર્ગમા આવશે, અને તે પછીતું ઈ. સ. ૧૮૮૦ પછીનુ બીજા વર્ગમા આવશે, અને એ બેની વચ્ચે ઊભેલું નવલરામનુ સાહિત્ય એક અવાન્તર ક્રમમા રહેલુ જણાશે નર્મદાશકર તથા દલપતરામની કવિતાએ પ્રાચીન સાહિત્ય જોડેનો સબન્ધ લગભગ તદ્દન છોડયો, છતા વિચાર અને પ્રદર્શનપદ્ધતિ તદ્દન જુદા પ્રકારની ના પ્રગટ કરી, આથી આગળ ક્રમ ભરનારા નવલરામભાઈના 'વીરમતિ નાટક,'' 'ભટનુ ભોપાળુ,' 'મેઘદૂત'નુ ભાષાન્તર ઇત્યાદિયે હેમના પછી તરત આવનારા નવીન યુગનાં કાઇક પ્રભાત કિરણો પ્રગટાવ્યા.

મનસુખરામ સૂર્યરામની આરમ્ભકાળની કૃતિયો અને રા० રણછોડભાઈ ઉદયરામની નાટકરચનાઓનો પ્રવાહ તે વળી આ વચગાળાના સાહિત્યને બે જુદાજુદા રગ આપતાં જણાયછે અહિ પ્રાચીન અને અર્વાચીન વચ્ચેનો મધ્યયુગ, અથવા તો અર્વાચીનનો પ્રથમ યુગ અટકેછે ઝવેરીલાલ ઉમિયાશકરનુ 'શાકુન્તલ' નાટક પણુ આ મધ્ય ખડમાં મૂકાશે 'કરણુ ઘેલો,' એ એકલ પુસ્તક હોઈ એની વાર્તાસાહિત્યમા પ્હેલ તથા નવીનતાને લીધે એ જમાનામા પચમહાલના વિશાળ મેદાનમા એકલા ઊભેલા પાવાગઢ જેવી સ્થિતિ ભોગવેછે. એપણુ આગામી શુદ્ધ નવીન યુગનો ડકો વગાડનાર અગ્રેસર સવારનુ સ્થાન લેછે ભીમરાવના 'પૃથુરાજ રાસા' અને 'દેવલદેવીનાટક' તથા 'મેઘદૂત'નુ ભાષાન્તર તે પણુ આ ડકસવારની જોડાજોડ ચાલનાર ગીજો દુદુભિવાદક તરીકે ગણી સકાશે. હરિલાલ હર્ષદરાય ધ્રુવની કવિતામા નવીન યુગ અને પ્રાચીન યુગનુ વિલક્ષણુ મિશ્રણુ છે.

કેવળ નવીન યુગ ગોવર્ધનરામ, મણિલાલ દ્વિવેદી, 'કલાપી' ઇત્યાદિ કવિયોના જુદા જ સસ્કાર અને પદ્ધતિથી રગાયલા સાહિત્યથી અકિત થાયછે પાશ્ચાત્ય જ્ઞાનપ્રકાશનો પ્રવાહ પૂર જોસમા આવ્યા પછી આ સાહિત્ય ઉત્પન્ન થયુ, આ સાહિત્યયુગમા નવલકથાનુ સાહિત્ય ઉત્પન્ન થયુ, નાટક સાહિત્યને નવુ રૂપ મળ્યુ, કવિતાના વિષયમા તો કોઇ અપૂર્વ નવો પ્રદેશ જ ઊઘડયો, અને વિજ્ઞાન, જીવનચરિત, સમાજશાસ્ત્ર, ઇત્યાદિના જે પ્રદેશો ઉઘાડવાનુ મુખ્યમાન 'ગુજરાત વર્નાકયુલર સોસાયટી' ને ઘટેછે તે સાહિત્યવિભાગને પણુ અલ્પાશે આદર અપાયો.'

નવીન યુગનુ સાહિત્ય

આ નવીન યુગના સાહિત્યનું દર્શન વધારે નજીક જઇને કરતા પહેલાં એક સામાન્ય વિચાર આ સ્થળે નોંધવા જેવો છે. ઉપર આપણે પ્રાચીન અર્વાચીન એમ બે વિભાગ ગુર્જરસાહિત્યના કર્યાં, અને અર્વાચીનના બે પેટા વિભાગ જોયા, ઈ. સ. ૧૯૮૦ પૂર્વનું સાહિત્ય અને તે પછીનું; આ બેમાંના પ્રથમને અર્વાચીન સાહિત્યનો પૂર્વાર્ધ અને બીજાને ઉત્તરાર્ધ એ સંજ્ઞાથી ઓળખીશું. આ ત્રણ વિભાગનાં સ્વરૂપ જોતાં જણાશે કે પ્રાચીન અને અર્વાચીન સાહિત્ય પૂર્વાર્ધ એ બે વચ્ચે વિષયભેદ અને કાંઈક અંશે રૂપ-ભેદ થયો ખરો, છતાં પ્રાચીનથી તદ્દન વિચ્છેદ કરીને એ અર્વાચીન પૂર્વાર્ધનું સાહિત્ય પ્રવૃત્ત થયું નથી; ત્હારે અર્વાચીન ઉત્તરાર્ધનું સાહિત્ય તે તો અર્વાચીન પૂર્વાર્ધના સાહિત્ય-થી પણ તદ્દન વિચ્છિન્ન થઈને કોઇ નવા પ્રદેશમાં નવી જ ફલંગો મારતું આવ્યું છે, તો પછી પ્રાચીનથી તદ્દન વિચ્છેદ થયોછે ત્હેની તો વાત જ શી ! આ સ્થિતિ શું સૂચવે-છે ? સાહિત્યના વિભાગમાં ઉત્ક્રાન્તિના તત્ત્વનો ત્યાગ થયો ? ભૂત ઉપર ભાવિનો પાયો ચણાય એ નિયમ અહિં પ્રવૃત્ત કેમ ના થયો ? આ આભાસી નિયમભંગનું સમાધાન જડે એમ છે. પ્રાચીન અને અર્વાચીનમાં ભેદ પાડનાર કારણબળ પાશ્ચાત્ય નવીન જ્ઞાન-પ્રકાશ હતો, તે જ જ્ઞાનપ્રકાશ અર્વાચીન ઉત્તરાર્ધનું સ્વરૂપ બાંધનારુ પ્રવર્તક કારણ હતું. પ્રથમનામાં એ કારણબળ કાંઈક સંકોચયુક્ત અને પ્રાચીન તરફ નજર નાંખનારું હતુ, પાછળનામા તેમ ના હોઇ અપૂર્વ સ્વતન્ત્ર દૃષ્ટિ અને પ્રવૃત્તિ રાખનારુ બળ નવીન રૂપનું જ બન્યુ હતું. આથી કરીને પ્રાચીન તરફ દૃષ્ટિ નાંખ્યા છતાં એ પ્રાચીન વિષયોનો તો સંગ્રહ કરીને પણ તદ્દન નવીન દૃષ્ટિ અને નવીન સ્વરૂપ એ વિષયોને આ નવીન યુગના સાહિત્યમા અર્પાયાછે. હાલના નવીન યુગનો આરમ્ભ ઈ. સ ૧૮૮૦ થી થયો તે વખતથી અંગ્રેજી, ફારસી અને સંસ્કૃત સાહિત્યના ઊંચા પ્રકારની પ્રેરણાથી એ યુગનુ સાહિત્ય અનુપ્રાણિત થયુ. આ સ્થિતિમાં પ્રાચીન જોડે વિચ્છેદ થયો તે માત્ર સ્થૂલ કાલ તથા સ્વરૂપના સંબન્ધનો જ; બાકી પ્રેરક બળોની કાર્યપૂર્તિ આ પરિણામને અંગે તપાસીશું તો ઉત્ક્રાન્તિનિયમનો ભંગ થયો છે જ નહિં. પ્રાચીન અંશોનો કાળબળે ત્યાગ અને નવીનનો સ્વીકાર એ ક્રિયા તો વિકાસવ્યાપારનું અંગ જ છે. કોઇ દેશની ભૂમિમા અમુક કાળ સુધી અમુક જાત્યની ધાન્ય ફલ ઇત્યાહિની સમૃદ્ધિ નીપજતી જોવામાં આવે, પછી કોઇ અણધાર્યાં નવીન સંજોગો પ્રગટ થઈને નવીન કારણસામગ્રી પ્રગટ થાય: ધરતીના પડની અંદરનાં કમ્પાદિક સંચલનોને પરિણામે નવા જલપ્રવાહ એ ભૂમિમાં વ્હેવા લાગે અને એ પ્રવાહની સાથે નવા પ્રકારની માટી, કાંપ, ઇત્યાદિ સામગ્રી ધસડાઈ આવે, નવાં બીજ ધસડાઇ આવે; વાતાવરણમાં પણ પવનો બદલાઈ નવાં બીજ ઊડીને આવી તે ભૂમિમાં પડે;—આ ફેરફારોથી નવીન ફલ, પુષ્પ, ધાન્ય ઇત્યાદિની ઉત્પત્તિ થાય; તો એ વિકાસનિયમનો ભંગ સૂચવશે નહિં. એ જ પ્રકારની કાંઈક ક્રિયા આપણા સાહિત્યના નવીન યુગની ઉત્પત્તિને અંગે પ્રવર્તમાન થયેલી જણાય-છે. વળી આ પ્રકારની નવાં બળોની ક્રિયાનો વ્યાપાર સાહિત્ય ઉપર બીજી આડકતરી રીત્યે પણ થવાથી આ નવીનતા પ્રગટ થઈછે. ઉપર સૂચવેલાં નવા જ્ઞાનસંસ્કારનાં બળો-એ પ્રજાના જીવનમાં પ્રજાની ભાવનાઓમાં, ઉલ્લાસોમાં, આકાંક્ષાઓમાં, નવો જ

ફેરફાર કર્યોછે, (પછી ત્હેમા અનિષ્ટ અશો પ્રવેશ પામ્યા હોય તે જુદી વાત) તો સાહિત્ય તે પ્રજાજીવનનુ પ્રતિબિમ્બ આપનારુ સ્વરૂપ છે તે દૃષ્ટિયે જોતાં પણ આ નવીનતાનો ખુલાસો જડશે. યુરોપના દેશોના સાહિત્યમા જોવા જશો તો આ પ્રકારની જ વ્યાપારક્રિયા ચાલેલી જણાશે ; અલબત, એટલુ તો સ્વીકારવુ પડશે કે આપણા હાલના નવીન યુગના સાહિત્યમા કેટલીક કૃત્રિમતા છે, ખાસ કરીને fiction કલ્પિત કથામા એ નજરે પડેછે પણ એ કૃત્રિમતાનો અશ તો આપણા યુગનો જ દોષ છે એમ નથી બાણભટ્ટની ‘ કાદમ્બરીમા ’ કે સામળ ભટની વાર્તાઓમા પોતપોતાના સમયના સસારચિત્ર પડાયાછે એ સ્વરૂપદર્શન સર્વાશે ખરુ લાગતુ નથી, હેમાના ચિત્રો તે તે સમયની સમાજસ્થિતિના પ્રતિબિમ્બ હોવા કરતા કવિની હૃદયની ઇચ્છાથી ઉત્પન્ન થયેલા, કલ્પનાએ ઘડેલા, કૃત્રિમ બિમ્બો હોવાનો સભવ વધારે છે તો પણ જ્યહાર હાલના સાહિત્યમા મુખપૃષ્ઠ ઉપર કટલીક કથાઓમા ‘આધુનિક સસારનુ ચિત્ર’ એમ જોઇયે અને વાર્તાની અદર એ સંસારમા કદી નજરે ન પડે હેવા બનાવો, સસ્થાઓ, પ્રવૃત્તિયો આલેખાયલા દેખિયે ત્યહારે તો, કૃત્રિમતા કરતા પણ વધારે ભાગે, અસત્યતાનો દોષ પ્રવિષ્ટ થાય; અને હેવા પુસ્તકો હાલના વખતમા દેખા દેછે ખરા, તે દૂષણરૂપ ગણીશુ આ પ્રકારના ઉદાહરણો બાદ કરીને પણ હાલના સાહિત્યમા કૃત્રિમતા કોઇ કોઇ વાર એટલી બધી છે કે ભવિષ્યકાળનો ઇતિહાસ લખનાર એ કૃત્રિમ સ્વરૂપને ચાલૂ જનમડળની સ્થિતિના પ્રતિબિમ્બરૂપે માનવાનો ભ્રમ કરે તો નવાઇ નહિ એટલે અશે ચાલૂ સાહિત્યને ઇતિહાસની સત્યદર્શક સામગ્રી તરીકે સ્વીકારવામા કાઇક ભય છે એ ચેતવણી ભવિષ્યના ઇતિહાસકારને આજ આપી મૂકીશુ તો એક પ્રકારની સત્યસેવા થશે.

હાનના યુગના સાહિત્યનુ હવે સમીપથી દર્શન કરિયે કોણ જાણે કેમ ? પણ આ યુગમા કવિતાનુ સાહિત્ય બીજા સાહિત્ય કરતા વિશેષ જથામા ઊભરાઈ જાયછે પરિણામ એ આવેછે કે જથાથી વિપરીત પ્રમાણમા કવિત્વગુણ નજરે પડેછે નવીન સાહિત્યનો આરમ્ભ ઈ સ ૧૮૮૦ પછી થયો ગણિયે છિયે, તે નવીન યુગના અધિષ્ઠાતા બનેલા મુખ્ય કવિયોની ઢબની નકલો પણ બહુ થાયછે ન્હેમા એ શૈલીનુ હૃદયતત્ત્વ ઊતારાતુ નથી અને બાહ્ય રૂપના નિર્જીવ ખોખા, આગન્તુક અગો, ઇત્યાદિ ઉપાડી લઈને અસલ શૈલીનો અજાણતા ઉપહાસ કરનારી રચનાઓ પ્રગટ થાયછે આ દશાનુ કારણ એ છે કે ગોવર્ધનરામ, મણિલાલ, કલાપી, રા ન્હાનાલાલ ઇત્યાદિની કવિતાને જે હૃદયના અન્તરની સાચી કવિત્વભાવની ઊર્મિયો પ્રવૃત્ત કરતી હતી અને કરેછે તે ઊર્મિયો અનુકરણથી ઉતારી સકાય જ નહિ અને ત્હેને અભાવે એ ઊર્મિનો બહુ તો આભાસ પ્રગટ કરાય છે, અને તેથી રચના અસત્ય અને કૃત્રિમ બનેછે. પ્રાચીન સાહિત્યમા ગમે તે ખામીઓ હશે, પરતુ હેમા એક નગદ ગુણ એ હતો કે એ સાહિત્યની કવિતામા ખરા દિલની ઉત્સાહવૃત્તિ, હૃદયની સાચાઈ, એ ગુણો હતા અને તેથી કવિતામા અન્ય દૂષણો છતા સાચાઈનો રણકાર હતો આપણા હાલના નવીન યુગમા બહુ ઠેકાણે આ ગુણોની ઊનતા દેખાયછે.

અર્વાચીન સાહિત્યના પૂર્વાર્ધમા પણ આ સાચાઈ, ખરુ દિલ, એ ગુણો હતા. માત્ર આપણા નવીન યુગમાં જ ભાવનાદિકની નવીન ગતિ સાથે-કવિતા લખનારાના મ્હોટા ભાગમાં-ઉપર કહેલી ખામીઓ પ્રવેશ પામીછે એ ખામીઓની સાથે વિદ્યાદિકના સસ્કારની ઊનતા અથવા પોતાના અધિકારની મર્યાદાના ભાનનો અભાવ,—ઇત્યાદિક લક્ષણો પણ આ દૂષણમય દશાને વધારવામા સહાયભૂત થાયછે. છેક પિંગળના નિયમોની બાબતમાં પણ ઉદ્ધત અનાદર નજરે પડેછે, અર્વાચીન પૂર્વાર્ધમા મહેતાજી વર્ગના અને ઇતર લોકો કવિતા કરતા ત્હેમા બીજુ કાંઈ નહિં પણ પિંગળના નિયમો સચવાતા હતા. હાલના ઉત્તરાર્ધમાં તેમ નથી એટલું જ નહિં પણ એ નિયમભગમાં મ્હોટાઈ માનનાર અગ્રેસરોના એ લક્ષણનુ અનુકરણ કરનારા કેટલાકના મનમા એ વિશે ભ્રમયુક્ત મત બધાઈ જાયછે એક કવિતામા નિબંધ લખનારે લખ્યુ હતુ કે.—વાંચક વર્ગની તથા અપ્રતિમ સાક્ષર વર્ગની કૃત્રિમ નિયમબદ્ધ પદ્ય લખાણ માટે તીવ્ર જુગુપ્સા છે હેવું લાગવાથી પિગળના નિયમો બરોબર પળાયા નથી, અને તેથી રાગનાં કે છન્દના નામ લખ્યા નથી." ! રાગ અને છન્દ વચ્ચેના ભેદનું અજ્ઞાન હાથ જણાયછે તે તો જુદી વાત, પરતું 'નિયમ પળાયા નથી' એ સ્વીકારથી પોતાનું અ-સામર્થ્ય ઊઘાડુ પાડનાર એ અસામર્થ્યને માટે આ 'ફેશન' ની ઢાલનું રક્ષણ લેછે એ બહુ સૂચક વાત છે.

પરિણામ એ થાયછે કે જે કાવ્યશૈલીનુ અનુકરણ કરવામાં આવેછે તે શૈલી નાહક બદનામ થાયછે, અનુકરણોના દોષ અનુકૃત મૂળને જ સમર્પી દેનારા નીકળેછે. એક પક્ષે નવીન શૈલીનુ રહસ્ય ના સમઝનારાઓ બાહ્ય અગોને પકડી લઈને નિન્દવા મડી જાયછે,—જે બાહ્ય અગો અનુકરણ કરનારા તત્ત્વભૂત સ્વરૂપ તરીકે પકડી લઈ સ્વીકારેછે, તો, બીજે પક્ષે ન્યાયદૃષ્ટિથી વિવેચન કરનારા એ બાહ્ય અગોને જ તત્ત્વ માની ઊપાડી લનાર વર્ગનો વાજબી ઉપહાસ કરેછે. કેટલાક માસ ઉપર એક "કોકિલા ઉર્ફે કોયલ ઉર્ફે પરભૃતિકા"ના નામથી ચર્ચાપત્ર પ્રગટ થયુ હતુ * ત્હેમા વિનતિ કરી હતી કે આ સાહિત્યપરિષદે ઠરાવ પસાર કરવો કે કવિયો અમર કવિ કહેવડાવનારાઓ હવે પછી કોયલ પર કવિતા લખવાની બંધ કરે—એ વિનંતિમા આ પ્રકારનો વાજબી ઉપહાસ સમાયો હતો

અર્વાચીન નવીન સાહિત્યની ભાવનાઓની હુ નિન્દા કરવાને પ્રવૃત્ત થયો નથી. એ ભાવનાઓ તો મ્હારે સર્વથા ઇષ્ટ, આદરણીય જ છે, અને હું ત્હેનો પૂજક જ છું. મ્હારો હેતુ તો એ ભાવનાઓને યોગ્ય સ્થાનથી ભ્રષ્ટ થવાના ભય ચાલુ યુગમા કિયે સ્થળે છે તે દર્શાવવુ એ છે. એ ભાવનાઓનુ આમ એક પક્ષે ભ્રશ થવામાંથી રક્ષણ કરવાની જરૂર છે, તો બીજે પક્ષે અન્ય સ્થળેથી જ એ ભાવનાના સાહિત્ય ઉપર અન્યાયયુક્ત આક્ષેપો આવેછે ત્હેનો પણ નિરાસ કરવાની આવશ્યકતા છે. નવીન ભાવનાનુ ખરુ રહસ્ય ન સમઝનારા માત્ર નિન્દાપ્રવૃત્તિ જ આદરનારા વર્ગે વિશે હું

* 'જ્ઞાનસુધા' જુલાઈ ૧૯૧૪ નો અંક જુવો.

નથી બોલતો. એ તો ઉપેક્ષ્ય રાશિ તરીકે જ સમઝવા લાયક છે. હુ બોલું છું-બોલવાને ઇચ્છું છું–તે તો આપણા સાહિત્યની ગુણપરીક્ષા પરકીય અને વિશાળ વર્ગમાં પ્રસરાવનાર કેટલાક ખરા વિદ્વાનોને ઉદ્દેશીને. જ્યહારે સર જોર્જ ગ્રીઅર્સન જેવા પ્રમાણભૂત ગણાતા પડિત આ યુગની કવિતા વિશે કાંઈ પણ અભિપ્રાય દર્શાવે ત્યહારે આપણા સાહિત્યથી અજાણ્યા પરદેશીઓ એ અભિપ્રાયને શઙ્કા કાઢયા વિના જ સ્વીકારે, હાવી સ્થિતિ હોવાથી એ પડિતનો અભિપ્રાય આપણા સાહિત્યને અન્યાય આપતો જણાય તો આપણા સર્વનું કર્તવ્ય છે કે એ અભિપ્રાયની દૂષિતતા પૂર્ણ ધોરણથી દર્શાવવી. એ પંડિતના શબ્દો આ પ્રમાણે છે.—

"Under English influence a number of works have issued from the press of late years, but these possess little originality, and are mostly translations."

(Article on Vernacular Literature—in the Imperial Gazetteer of India—New Edition, Vol III (1908 A D., page 430)

("અંગ્રેજી સાહિત્યની અસર થઈને હાલ કેટલાંક વર્ષથી સંખ્યાબધ પુસ્તકો છપાઈ પ્રગટ થયાછે, પરંતુ હેમાં અપૂર્વતા બહુ થોડી જ છે, અને ઘણે ભાગે એ ભાષાન્તરો જ છે.").

સર જોર્જના આ વચન માટે શુ કહીશુ ? એ પંડિતની વિદ્વત્તા, અભ્યાસની ખત, ઇત્યાદિ માટે પૂર્ણ માન છતા કહેવુ પડેછે કે આ મત હેમણે જાત્યના જ્ઞાન ઉપરથી નહિં પણ અન્યની પાસેથી મેળવીને પ્રગટ કર્યો લાગેછે. ઘણે ભાગે ભાષાન્તરો છે-આ વચનમા વસ્તુસ્થિતિ જોડ કેટલો વિરોધ છે તે આપણે તો જાણિયે જ છિયે. સર જોર્જ ગ્રીઅર્સને હિન્દી અને ગુજરાતી પ્રાચીન કવિયો વિશે મત દર્શાવ્યોછે હેમા પણ ગુજરાતી સાહિત્ય વિશે જાતનુ જ્ઞાન ના હોય એમ પકડાઈ આવેછે. ઉપર ઉતારો આપ્યો તે પૃષ્ઠમા જ એઓ જણાવેછે કે હિન્દુસ્તાનના મધ્યકાલીન સમર્થ કવિવરોની સમીપ પણ ગુણમા આવી સકે હેવા કવિ ગુજરાતી ભાષાએ હજી સૂધી પેદા કર્યો નથી. તુલસી, સુરદાસ, ઇત્યાદિને ઉદ્દેશીને લખેલા આ વચનમાં પ્રેમાનન્દ, દયારામ, ઇત્યાદિ સમર્થ કવિની કૃતિયોનો પરિચય ન હોય એમ જ ભાસ થાયછે એ પડિતને હિન્દીનો જેટલો ગાઢ પરિચય છે તેટલો ગુજરાતીનો નથી એમ માનવાને કારણ જણાયછે. ભલે; તેમ હોય તો હાવો ઘાતક અભિપ્રાય પ્રગટ કરનારનુ કર્તવ્ય સ્પષ્ટ એ હતું કે ગુજરાતના વિદ્વાનોમાથી કોઇનો અભિપ્રાય પ્રથમ પૂછવો હતો આ રીત્યની જવાબદારીથી આ પ્રકારના સ્થાયી લેખ લખનાર પંડિત મુક્ત થઈ સકતા નથી.

જો સર જોર્જ ગ્રીઅર્સને કેવળ મિશનરી વર્ગના વિદ્વાનો ઉપર આધાર રાખીને આ અભિપ્રાય સ્થાપી દીધો હોય, તો એઓ ઉલટે માર્ગે ગયાછે હેનું કારણ સમઝી સકાય એમ છે. નવીન યુગના સાહિત્ય જોડે એ વિદ્વાન્ લોકોનો સમભાવ કાંઈક ઓછો જ

જણાયછે. ગુજરાતી ભાષાનો અભ્યાસ ખંતથી કર્યો છતાં નવીન યુગના સાહિત્યના હૃદયમાં એઓ પ્રવેશ જ કરી શકતા નથી જણાતા. રેવરંડ મિ૦ એચ. આર. સ્કોટ—આ સુરત શહેરના મિશનના અધ્યક્ષ—નો એક નિબન્ધ ઈ. સ. ૧૯૧૧ મા ગુજરાત મિશનરી કોનફરન્સ આગળ વંચાયો હતો, ત્હેમા એઓ નીચે મુજબ કહેછે*.—

"There is a modern poetry, over which I do not advise you to spend time. It is the work of highly educated men, who aim at clothing the poetic fancies of English and Sanskrit poets in rather high flown Gujarati. It is for the most part very artifical—full of Sanskrit words and turns of thought, and is obscure and difficult to understand. No doubt it has an interest and value of its own, but only those who have much spare time in hand can afford to take it up. But the ancient classical poetry of Narasinh Mehta, Tulsi, Premanand, Samaldas and Akho • • • are easy to understand."

("અર્વાચીન કવિતા છે;" પણ તે ઉપર વખત ગાળવાની સલાહ હુ આપતો નથી. ઊંચી કેળવણી પામેલાઓની એ કૃતિ છે, અંગ્રેજી અને સંસ્કૃત કવિયોની કલ્પનાઓને આડમ્બરી ગુજરાતી ભાષાના વસ્ત્ર પ્હેરાવવાં એ હેમનો ઉદ્દેશ છે બહુ ભાગે. એ અતિશય કૃત્રિમ, સંસ્કૃત શબ્દો અને વિચાર શૈલીથી ભરપૂર, અવિશદ તથા સમઝવી કઠણ પડે હેવી છે. બેશક, હેની એક જાતની કીમત છે અને હેમાં એક પ્રકારનો રસ પડે એમ છે, પણ જેઓને ફુરસદ બહુ હોય તે જ એ કવિતાનો અભ્યાસ હાથમાં લઈ શકે પરંતુ નરસિંહ મહેતા, તુલસી, પ્રેમાનન્દ, સામળદાસ અને અખાની પ્રાચીન શિષ્ટ કવિતા સમઝવી સરળ છે.")

આધુનિક કવિતાના ખરા અન્તઃસ્વરૂપનુ અજ્ઞાન, એ કવિતા રચનારઓની દૃષ્ટિયે જોવાની અશક્તિ અથવા અનિચ્છા, એ કવિતા કોઈ સમજાવની ઊનતા, ઇત્યાદિ ભાવો આ અન્યાયયુક્ત અભિપ્રાયના ઉત્પાદક કારણ સંભવી શકે (રેવ. મિ. સ્કોટનો નિબન્ધ મિશનરીઓ માટે હતો અને ધર્મપ્રચારકની વિશિષ્ટ દૃષ્ટિથી લખાયો હતો, એ વાત ધ્યાનમાં રાખીને આ હુ બોલુ છું.) ઉપરના જેવો અભિપ્રાય બાંધનાર વિદ્વાનો એટલું નથી ધ્યાનમા રાખતા કે કવિત્વ એ આખા વિશ્વની મિલકત છે, અને એક દેશના અને બીજા દેશના કવિની રચનામા સામ્ય આવે તે ઉપરથી એકનું બીજાએ અનુકરણ કર્યું છે એમ અવશ્ય ફલિત નથી થતું; આ નવીન યુગના કવિવર્ગને પાશ્ચાત્ય અને સંસ્કૃત કવિયોના સંસ્કાર મળેલા તે ઉપરથી હેમની કવિતામાં તે સંસ્કારની પ્રેરણા મળે તે જુદી વાત છે અને અનુકરણ કરવું તે જુદી વાત છે; પાશ્ચાત્ય તેમ જ સંસ્કૃત કવિતાના જીવતત્ત્વને પોતાના હૃદયમાં પચાવી દઈને, પરંતુ સ્વાભાવિક શક્તિ અને પ્રેરણાથી, નવી કૃતિ ઉત્પન્ન કરાય ત્હેમા જે છાયારૂપ આકૃતિ

---

* એ નિબન્ધનુ પૃષ્ઠ ૬, જુવો.

ઘડાય તે કાંઈ અનુકરણ ના ગણાય, એમ તો ટેનિસન જેવા સમર્થ અને સ્વશકિતવાળા કવિમા પણ શેકસ્પીઅર વગેરે પૂર્વગામી કવિયોની છાયા છે એમ દર્શાવવામા આવ્યુ છે, છતાં હેની અપૂર્વ ઘટનાશકિત વિશે મતભેદ થાય એમ નથી. પાશ્ચાત્ય કવિ જેવા-એ વર્ગના, એ નમૂનાના-તો કવિ ગુજરાતીમા થઈ સકે જ નહિ એ એક પ્રકારના અયોગ્ય ગર્વની લાગણી રાખવાથી વસ્તુસ્થિતિ બદલાય એમ નથી આ યુગના અગ્રણી કવિયોની કવિતા તરફ નિર્વિકાર આદર રાખીને જુવે તો ઉપર ટાંકેલા આક્ષેપ ઉત્પન્ન થાય જ નહિ. નવીન યુગની કવિતાને સમઝવી કઠણ કહી પ્રાચીન કવિતાને સમઝવી સરળ કહીછે તે આશ્ચર્યની વાત છે. પ્રેમાનન્દ અને અખાની કવિતા વિશે તો એ નિર્ણય આશ્ચર્યકારક જ છે અખાની એક જ પકિત "કને નહિ તે ક્હો શુ ખુવે ?" હેનો અર્થ રેવરડ મિ૦ સ્કોટે "He that is low (need fear) no pride" એમ કર્યોછે તે ઉપરથી જણાશે કે અખાની કવિતા સમઝવી એ ધારેછે તેટલી સ્હેલી નથી.

કવિતા જોડે નિકટ સબન્ધ રાખનારૂ નાટકસાહિત્ય જોઇયે. પણ હેમા શું જોઈશુ? એ સાહિત્ય ખરુ જોતા આપણી ભાષામા હજી ખેડાયુ જ નથી. 'કાન્તા' 'દેવલદેવી નાટક,' 'જયા અને જયન્ત,' 'રાઈનો પર્વત,' ઇત્યાદિ ખરા ગુણવાળા નાટકો આંગળીને વેઢે ગણાય એટલા છે બીજાં નાટકો ખરા કવિત્વગુણની દૃષ્ટિથી કે કલાની દૃષ્ટિથી સ્વીકારાય હેવાં જણાતા પણ નથી, અને ગુણહીન નાટકો પણ સખ્યામા અલ્પ છે હાલની રગભૂમિ માટે રચાતા નાટકો તો ગણનામા લેઈ સકાશે જ નહિ. જનસમાજના ઊતરતા વર્ગની હીન રૂચિયોને સતોષ આપવાનો ઉદ્દેશ જ જ્યહા પ્રધાન ત્યહા ખરુ સાહિત્યલક્ષણ શી રીતે સભવે ?

નવલકથાનુ સાહિત્ય નાટકસાહિત્ય કરતા વિશેષ વિસ્તારનુ છે. પરતુ હેમા પણ ખરા રસતત્ત્વ ને કલાતત્ત્વ સાચવનારા પુસ્તકો વિરલ જ જણાયછે કવિતાના સાહિત્ય સબન્ધે જે દૂષણો મ્હે પાછળ બતાવ્યા-કૃત્રિમતા, હૃદયની સાચાઈનો અભાવ, ઇત્યાદિ, તે આ નાટક અને નવલકથાના સાહિત્યમા પણ વધતા ઓછા પ્રમાણમા દૃષ્ટિગોચર થાયછે અર્વાચીન પૂર્વાર્ધમા આ દૂષણ ન્હોતા એ પાછળ કહ્યુ જ છે, એ સમયના સાહિત્યમા ભાષા વગેરેમા સસ્કારિતા ન્હોતી, તો હાલના સાહિત્યમા પણ, કવિતા, નાટક, નવલકથા સર્વમા, ભાષા, વિદ્યા, ઇત્યાદિના સસ્કારની ખામી પદે પદે જણાઈ આવેછે, અને તે અસસ્કારિતા નવા જ પ્રકારની, સસ્કારિતાનો ડોળ કરવા જતા અસસ્કારી બનાવનારી ઉદાહરણો આપવાની જરૂર નથી, આ સર્વ દૂષણોનુ મુખ્ય કારણ વિચારશૂન્યતા અને ભાવશૂન્યતા છે કશુ વકતવ્ય હોય નહિ, વિચારની ઉત્પત્તિ જ ના હોવાને લીધે, તેમ હૃદયની ખરી ભાવોર્મિ પણ હોય નહિ, તે સ્થિતિમા માત્ર શબ્દોની રણકારરચના અર્થહીન રચના, શિવાય બીજુ શુ ઘડાય ?

આ સર્વ અપ્રિય વચનો લાગશે, પરતુ આ મ્હારા વચનો ઉપર વર્ણવેલી નિઃસાર કૃતિયોના લેખકોને સબોધીને હું નથી કહેતો, સસ્કારી સાહિત્યશાસ્ત્રોની દૃષ્ટિએ અપરાધ કરનાર વર્ગને સબોધીને હુ નથી બોલતો, પરતુ એ અપરાધીઓનો ઉદ્ધાર કરનાર આજના સત્રના ઋત્વિજો તથા ઇતર બ્રાહ્મણોને સબોધીને કહુછુ આ પરિષદ્ આગળ આમ આજ

શુભ હેતુથી આ ફરિયાદ રજૂ કરુછુ. હુ જાણુંછુ કે આપણી પરિષદ્ કને શાસનબળ નથી, અને હોય જ નહિ; પણ અન્ય બળ છે. અને તે અન્ય દૃષ્ટિયે શાસનબળ જ ગણાય. સાહિત્યની ભાવના ઊંચી દર્શાવવી; ઇનામી નિબન્ધોમા તેમ જ અહિં વચાવાના નિબન્ધોમા ધોરણ એ ઊંચી ભાવનાને સમીપ જઈ સકે એમ દૃઢ અને ઊંચુ કર્યે જવુ, અને એ માર્ગે ચાલી સાહિત્યની સ્થિતિ સર્વ વિભાગમા ક્રમે ક્રમે શુદ્ધિમાર્ગમાં ચઢાવવી,—આ બળ આપણી કન છે.

આપણા સાહિત્યમા કેટલાક વિભાગના સાહિત્યની વસ્તુત ઊનતા જ છે તે હવે જોઇયે. જીવનચરિતનુ સાહિત્ય, વિજ્ઞાનનુ સાહિત્ય, દર્શન (તત્ત્વજ્ઞાન)નુ સાહિત્ય, વિજ્ઞાનનુ સાહિત્ય,—એ મહત્ત્વના વિભાગોના ખડ આપણા સાહિત્યના સંગ્રહમા લગભગ ખાલી જ છે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના સતત પ્રયાસથી, તેમ જ છૂટક વ્યક્તિયોના પ્રયાસથી, આ ઊનતા કાંઇક પૂરાતી જાયછે; પરતુ આ સર્વ દિશામાં ગતિ મન્દ છે બાલસાહિત્ય માટે હમણા હમણા નિસ્તેજ પ્રયાસ શરૂ થયાછે, પરતુ એ સાહિત્યના ખરા સ્વરૂપનુ પણુ દર્શન હેમા થતુ નથી. હાસ્યરસનુ સાહિત્ય અત્યન્ત અલ્પ છે. અને જે છે હેમા ખરા ગુણગૌરવવાળુ વિરલ જ છે. Satire કટાક્ષસાહિત્ય તો છે જ નહિ એમ કહિયે તો ચાલે હુ ભૂલતો નથી કે હાસ્યરસનુ સાહિત્ય અને કટાક્ષનુ સાહિત્ય ઉપજાવ્યુ ઊપજતુ નથી, હેની ઉત્પત્તિ માટે તો તે માટે અનુકૂલ વાતાવરણ અને લેખકની પ્રતિભા બનની જરૂર છે એ ગુણો પ્રજાના કટલાક સ્વભાવલબ્ધ લક્ષણ ઉપર આધાર રાખછે, પણ તે અમુક મર્યાદામા જ માટે આ સર્વ વિભાગોની ઊનતાપૂર્તિ કરવામા વિષમમાં વિષમ પ્રશ્ન આ છેલ્લા બે સાહિત્યોનો બનશે. આ શિવાય બે ત્રણ મહત્ત્વના વિષયની ઊનતાઓ જુદી નોંધવા જેવી છે: ગુજરાતી કોશ, વ્યાકરણ, સાહિત્યનો ઇતિહાસ, અને ભાષાનો ઇતિહાસ—આ ચાર વિષયના ખરા વિદ્વત્તાવાળા અને સમર્થ ગ્રન્થની આપણે ખાસ જરૂર છે અત્યાર સુધીમા આ ચારે દિશામા થયેલા પ્રયાસો સ્વાભાવિક રીતે જ ન્હાના પાયા ઉપર અને ખડિત છે આ નતા પૂર્ણ કરવા તરફ આપણી પરિષદે લક્ષ રાખવાનુ છ Polyglot Dictionary ભાષાકોશ જેવા ભગીરથ પ્રયત્નનો લોભ તો હાલ નહિ જ કરિયે હિન્દુસ્તાનમા ક્રિશ્ચન મિશનના આરભકાલમા રેવરડ કેરીએ એ દિશામાં કરેલો પ્રયત્ન દુર્ભાગ્યે સિદ્ધિ પામી સક્યો ન્હોતો

આપણુ વર્તમાનપત્રો અને માસિકોનુ સાહિત્ય જોઈશુ તો અતિશય શોચનીય સ્થિતિ નજરે પડશે. દૈનિક અને સાપ્તાહિક પત્રોમા ભાષા, શૈલી, અર્થગૌરવ, ઇત્યાદિ દરેક વિષયમા અશુદ્ધિ, નીચી પાયરીનુ સ્વરૂપ, અને શૂન્યતા સર્વત્ર વ્યાપેલી જોઈને કોને ખેદ નથી થતો? અગ્રેજી વર્તમાનપત્રોની શૈલી—જેના સ્વરૂપબંધારણનુ મૂળ મેકોલેની વિદ્વત્તાભરી શૈલીમાં શોધી સકાય એમ છે, તે શૈલી આપણાં પત્રોમા આવવાની વાત તો ક્યહાંની ક્યહાં રહી, પણ કોઇ પણ વર્તમાન પત્રના 'લીડર' લેખોમાં શબ્દશુદ્ધિ, વાક્યરચના, ઇત્યાદિ પ્રાથમિક લક્ષણોમા જ ક્ષતિયો પદે પદે આવછે.

માસિકો પણ સારા વર્ગનાં તો ગણતર જ જડશે. The Strand, the Fortnightly Review ઇત્યાદિ માસિકોના નમૂનાનાં માસિકો આપણે પેદા કરવાને હજી વર્ષોના વર્ષો સુધી મથતા સિદ્ધિ મળવી કઠણ છે, પરંતુ જે છે તે માસિકોમાં પણ ગૌરવ, શુદ્ધિ, અને ઊંચી કક્ષાના લેખ–એ કેટલા વિરલ જોઇયે છિયે? આપણા સ્થાયી સાહિત્યનું પ્રતિબિમ્બ આ માસિક સાહિત્યમાં પડેછે. આ સર્વ સ્થિતિદર્શન કરવાથી આપણને લાભ છે, હાનિ નથી. આપણું બધું સારું સારું જ છે એમ આંખ્ય મીંચામણા કર્યાથી સુધરવાનો સંભવ જ નથી રહેતો. ખરો રોગ જોવો, જાણવો, એ ઉપાય કરવાની પ્રથમ અવસ્થા પ્રાપ્ત કરવાનો ક્રમ છે.

પારસી સાહિત્ય

વર્તમાન યુગના સાહિત્યનુ નિરીક્ષણ કરતાં પાંચ વિભાગના સાહિત્યનું વિસ્મરણ કરવુ એ વાજબી નહિં ગણાય. (૧) પારસીઓનું સાહિત્ય, (૨) ખોજા સાહિત્ય (૩) જૈન સાહિત્ય, (૪) સૌરાષ્ટ્રનુ સાહિત્ય, અને (૫) ક્રિશ્ચન પાદરીવર્ગનું સાહિત્ય. પારસીઓએ આ નવીન યુગના આરમ્ભની પૂર્વે ગુજરાતી સાહિત્યમા જે ભાગ આપ્યોછે તે આ સ્થિતિદર્શનમાં નહિ આવે. કૈખુશરૂ કાબરાજીનું નામ જે સાહિત્યપ્રવૃત્તિ સાથે ચિરકાળ ઉચિત રીતે જોડાયલું રહેશે તે આ નવીનયુગની પૂર્વની છે. તેથી હેના ગુણદોષની સવિસ્તર નિરીક્ષા અહિં અપ્રસ્તુત છે; માત્ર સંક્ષેપમાં એટલું કહેવુ બસ છે કે પારસી ગુજરાતી ભાષાની અસંસ્કારી દશા સુધારવાનો હેમનો સ્તુત્ય હેતુ, હેમના સંસ્કૃત ભાષાના અજ્ઞાનને લીધે તેમ જ ફારસી ભાષાના શબ્દોનું પણ મર્દન કરી નાખવાને લીધે, તેમ જ અન્ય પારસી લેખકો હેમની જોડેજોડે ના ચાલી સક્યા ત્હેને લીધે, સર્વાંશે સફળ થયો નહિં, તથાપિ હેમનો પ્રયત્ન માન અને આશ્ચર્યને ઉત્પન્ન કર્યા વિના રહે હેવો ન્હોતો, અને સાહિત્યગ્રન્થોની ભરતી કરવાનો હેમનો પ્રયાસ આ ભાષાની ખામીને લીધે આપણા વ્યાપક સાહિત્યમાં યોગ્ય સ્થાન લઈ સકયો નહિ આ યુગના પારસી સાહિત્યની સ્થિતિ તો કાબરાજીના અવસાન પછી ખરેખર શોચનીય જ છે, ભાષામાં તેમ જ સાહિત્યવિષયમા. મિ અરદેશર ફરામજી ખબરદાર જેવા અપવાદરૂપ લેખકો તો કેટલાક પારસી ગુજરાતીના છાંટા વળગી રહેલા છતાં, હિન્દુ ગુજરાતી લેખક વર્ગમાં જ ગણવાનાછે. પારસી લેખક બન્ધુઓ સંસ્કૃત તેમ જ ફારસીનો સંસ્કા પ્રાપ્ત કરશે. અને બીજે પક્ષે આપણે કેવળ આડમ્બર માટે જ સંસ્કૃતમય શૈલીનો આશ્રય કરતા અટકીશુ, તો બને પક્ષની વચ્ચેનુ અંતર કાલક્રમે તૂટશે. સંસ્કૃત શબ્દો જ વાપરવાથી ભાષા સંસ્કારી નથી થતી તે વાત તેમ જ એ શબ્દોને અશુદ્ધ બનાવીને વાપરવાથી ઉલટી હાંસી થાયછે તે વાત, પારસી બન્ધુઓએ સ્મરણમા રાખવાની જરૂર છે.

ખોજા સાહિત્ય

ખોજા બન્ધુઓનુ સાહિત્ય વીસરવુ જોઇયે નહિં. કેટલાક સંજોગોને લીધે એ આપણા સંપર્કમાં આવ્યુ નથી. પરંતુ ભાષાશુદ્ધિમા એ સાહિત્ય સંતોષ ઉપજાવનાર છે; પારસી સાહિત્ય માટે જે ફરિયાદ કરિયે તે ફરિયાદને સ્થાન હેમા મળે એમ નથી. સચેદીના નાનજિયાણીએ પ્રગટ કરેલા 'ખોજા વૃત્તાન્ત'મા આપેલાં પદોની ભાષા તથા શૈલી કાંઇક પાછલા યુગની છે;

ત્હેમાના નમૂના ટાંકવાથી વિસ્તાર થવાનો ભય છે, છતાં એક બે નમૂના આપ્યા વિના રેહવાતું નથી.—

(૧) સતપથ સતનું મુખ છે, ઉભ્યા હેત પરીત,
નાશીકા ગુરતરનું નામ છે, ક

(૨) એ ... એક શીશે ... ગો જાણે શર
એકહાથ કાયે હેડે,

શરીફ સાલેમહમદની શુદ્ધ ભ
'વિશ્વભદ્દ' ઊત્રાડીને વાચીશું તો ર
ઓ હાલ હયાત છે ત્હેના ભજનોનું પ
ઊપજાવે એમ છે

બઓઅ ક.

અયોગ્ય તરુ ઉપર વીંટીને ગૂગળાવી નાખીછે. "સાક્ષરસમક"ના સરકારી કવિ એ પ્રકારે પોતાની કાવ્યશક્તિને પરવશ બનાવે તેથી કોને આ પ્રકારનો ખેદ ન થાય?

ક્રિશ્ચન મિશનરી સાહિત્ય વિશે બોલવાની જરૂર નથી. એ સાહિત્ય એ ધર્મના

વિષયમા ... લ્ છે, અને એ સાહિત્યની ભાષા ગુજરાતી

શ્ચન પાદરીઓન ... રપલક્ષણ આપી બસ કરીશું અલબત,

ા જુદું જ છે, અને તે નવીન

ન્થની વિદ્વત્તાને મિશનરી સાહિત્ય

ક ગ્લાનિ થયા વિના નહિ રહે, પર-

ણી આસપાસની અને

તથા બળ તે